सत्य मेव जयते

દાખલ તારીખ: ૦૭–૦૭–૨૦૧૮
રજી. તારીખ : ૦૭–૦૭–૨૦૧૮
ફેસલ તારીખ: ૨૯–૦૪–૨૦૨૬
અવધિ : વર્ષ – માસ – દિવસ

આંક–

**અમદાવાદ (ગ્રામ્ય) ના મહે.નવમાં અધિક સેશન્સ જજશ્રીની કોર્ટમાં અમદાવાદ.**

**S.C. No. 113 of 2018**

| | |
|---|---|
| DATE OF JUDGMENT | 29-04-2026 |
| SESSIONS CASE NO. | 113-2018 |

**(Details of of FIR/Crime and Police Station)**

| | |
|---|---|
| Police Station | Anandnagar Police Station, District Ahmedabad |
| Crime as per Charge-sheet | IPC Section 306, 498(A), 114 & Dowry prohibition Act sec 3, 7 |
| Charges as per Charge framed | IPC Section 304-B, 306, 498(A), 114 & Dowry prohibition Act sec 3, 7 |
| Complainant | Kavitaben Pravinbhai Panchal<br>Occu. Housewife,<br>R/o. 5, Gunjan Apartment, Police Headquarter Road, Shahibaug, Ahmedabad. |
| Represented By | Learned Public Prosecutor<br>Ms. S.B. Patel |
| Accused | (1) Krunal Ishwarbhai Desai<br>(2) Ishwarbhai Halabhai Desai (Abated)<br>(3) Pushpaben Ishwarbhai Desai<br>**(As per the order dated 20/12/2017 passed by Hon'ble High Court of Gujarat, in Cri.Mis. Application No. (for quashing & set aside FIR/Order) No. 1737/2017. Trial & proceedings against Accused no. 2 & 3 has been stayed)**<br>R/O- A/11, Silver Leaf Appartment, In Haridas park, Jhansi Rani, Opp. |

| | |
|---|---|
| | BRTS, Ambawadi, Ahmedabad. |
| Accused Represented By | Learned Advocate Mr. S.V. Thakkar |

**FORM B**

| | |
|---|---|
| Date of Offense | **24-11-2015 to 21-01-2016** |
| Date of FIR | **24-01-2016** |
| Date of Charge-sheet | **20-03-2016** |
| Date of Framing of Charges | **15-11-2019** |
| Date of Commencement of Evidence | **22-09-2021** |
| Date on which Judgment is reserved | **18-04-2026** |
| Date of Judgment | **29-04-2026** |
| Date of the Sentencing Order, if any | **-** |

**-:: જજમેન્ટ ::-**

(૧) આ કામના ઉપરોકત નામ જણાવેલ આરોપીઓ **સેશન્સ કેસ નં.૧૧૩/૨૦૧૮** ની ટ્રાયલનો સામનો કરી રહેલ છે. તેઓની વિરૂધ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૮(ક), ૩૦૬, ૩૦૪(બી), ૧૧૪ તથા દ.પ્ર.ધારા કલમ-૩, ૭** મુજબના ગુનાઓ સબબ તા.૧૫-૧૧-૨૦૧૯ ના રોજ **આંક-૨૩ થી તહોમતનામું** ફરમાવવામાં આવેલ, જે તહોમતનામું આરોપીઓને વાંચી સંભળાવી સમજાવતા તેઓનું **આંક-૨૪ થી પ્લી** નોંધતા તેઓએ તેમની સામેના તહોમતને નકારી કાઢેલ છે અને તેઓને ગુનો કબુલ મંજુર નથી તેમ જણાવતા તેમના વિરુધ્ધ હાલનો ટ્રાયલ ચલાવવામાં આવેલ છે.

(૨) **ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે :**

તા.૨૪/૧૧/૨૦૧૫ ના રોજ આરોપી કુણાલ ઉર્ફે આર.જે. સ/ઓ ઈશ્વરભાઈ હાલાભાઈ દેસાઈ નાઓના લગ્ન ફરીયાદીની દિકરી ભુમી સાથે થયેલા ત્યારબાદ આરોપી કુણાલે ભુમી પાસે રૂ.૨૫,૦૦,૦૦૦/- મિલકત ખરીદવા માટે માંગણી અને તે સંબંધે આરોપીઓએ ભુમીને અગાઉના લગ્ન બાબતે મેણાટોણાં મારી, અપમાનીત

કરી, મારઝુડ કરી, શારીરિક તેમજ માનસિક ત્રાસ આપેલ. ભુમીને આરોપીઓ તરફથી ત્રાસ રહેતો હોય, તેણી સતત ટેન્શનમાં રહેતી હતી. ત્યારબાદ ભુમીની બર્થડેમાં તેઓ બેંગકોક ગયેલા અને ત્યાં આરોપી કુણાલે તેણીને મારઝુડ કરેલ અને તે સંબંધે ભુમીએ તેની સાસુને આ સંબંધે વાત કરતા તેની સાસુએ જણાવેલ કે, સ્ત્રીની જાત છે, એટલે થોડું સહન કરવુ પડશે તેમ જણાવેલ. આમ, આરોપીઓએ ભેગા મળી, પૈસાની માંગણી કરી, મરણ જનાર ભુમીને ઘરમાંથી કાઢી મુકી, આરોપીઓએ એકબીજાની મદદગારી કરી, ત્રાસ આપતા ભુમીને સહન ના થતા ભુમીએ આનંદનગર, ૧૦૦ ફુટ રોડ, સચીન ટાવરના ''એચ'' બ્લોક ઉપરથી ઝંપલાવી, આત્મહત્યા કરી મરણ ગયેલ હોય. આમ, ત્રણેય આરોપીઓએ એકબીજાની મદદગારીમાં મરણ જનાર ભુમીને આત્મહત્યા માટેનું દુષ્પ્રેરણ કરી ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૮(ક), ૩૦૬, ૧૧૪ તથા દ.પ્ર.ધારા કલમ–૩, ૭ મુજબનો ગુન્હો કરેલ તે મતલબની ફરીયાદીએ આનંદનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૮/૨૦૧૬ થી નોંધાયેલ. તેની પોલીસ તપાસના અંતે આરોપીઓ સામે પુરતા પુરાવા મળી આવતાં આરોપીઓ સામે ભારતીય દંડ સંહીતાની કલમ ૪૯૮(ક), ૩૦૬, ૧૧૪ તથા દ.પ્ર.ધારા કલમ–૩, ૭ મુજબનું ચાર્જશીટ સી.આર.પી.સી.ની કલમ ૧૭૩ અન્વયે કરવામાં આવેલ છે. જેને ક્રિમીનલ રજીસ્ટરે લેવામાં આવેલ.

(૩) ત્યારબાદ સદર કેસમાં વિધ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ આરોપીઓને તેમની વિરૂધ્ધના કેસ કાગળોની નકલો પુરી પાડી આરોપીઓ પોતાના સ્વ–ખર્ચે વકીલશ્રી રોકી પોતાનો કાનુની બચાવ કરવા માગતા હોવાનું જાહેર કરતા આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપીત ગુનાઓની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફકત સત્ર અદાલતને હોય, વિધ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ આરોપીઓ સામેનો સદર કેસ **સી.આર.પી.સી. કલમ ૨૦૯** અન્વયે સેશન્સ કમીટ કરતા તે **સેશન્સ કેસ**

**નં.૧૧૩/૨૦૧૮** થી રજીસ્ટરે લઈ ન્યાયીક નિર્ણય અર્થે અત્રેની અદાલતમાં તબદીલ કરતા આરોપીઓ અત્રેની અદાલતમાં ઉપસ્થિત થતા આરોપીઓને તેમની વિરૂધ્ધના કેસના કાગળોની નકલો મળી ગયાની ખાતરી કરવામાં આવેલ છે.

**(૪)** આ કામે એ હકીકતની નોંધ લેવી જરૂરી છે કે, આ કામના અન્ય આરોપીઓ પૈકી આરોપી નં.(૨) ઈશ્વરભાઈ હાલાભાઈ દેસાઈ નાઓ તથા આરોપી નં.(૩) પુષ્પાબેન વા/ઓ ઈશ્વરભાઈ હાલાભાઈ દેસાઈ નાઓ ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ક્રિમીનલ મીસેલેનીયસ એપ્લીકેશન (ફોર કવોશીંગ એન્ડ સેટ એસાઈડ એફ.આઈ.આર./ઓર્ડર) નં.૧૭૩૭/૨૦૧૭, તા.૨૦/૧૨/૨૦૧૭ ના રોજના હુકમથી ઉપરોકત આરોપી નં.(૨) અને (૩) નાઓ વિરુધ્ધ આ કામે તેમના વિરુધ્ધનો કેસ/પ્રોસીડીંગ્ઝ સ્થગિત કરવામાં આવેલ હોય અને અન્ય આરોપી નં.૧ કુણાલ ઉર્ફે આર.જે. ઈશ્વરભાઈ દેસાઈ નાઓ વિરુધ્ધ કોઈ સ્ટે ન હોય, મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રીએ ચાર્જશીટ લગત તા.૨૬/૦૭/૨૦૨૪ ના રોજ હુકમ કરેલ છે. આ હકીકતને ધ્યાને લેતાં, તેમજ મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રીએ જયારે આંક–૨૩ થી તા.૧૫/૧૧/૨૦૧૯ ના રોજ આરોપી નં.૧ કુણાલ ઉર્ફે આર.જે. ઈશ્વરભાઈ દેસાઈ **આંક–૨૩** થી **ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૮(ક), ૩૦૬, ૩૦૪(બી), ૧૧૪ તથા દ.પ્ર.ધારા કલમ–૩ અને ૭** હેઠળ તહોમતનામું ફરમાવી વાંચી સંભળાવતા આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરતા ફરીયાદપક્ષનો કેસ આગળ ચલાવવામાં આવેલ.

**(૫)** ફરીયાદપક્ષ ધ્વારા નીચે મુજબના સાહેદોને તપાસી **મૌખીક પુરાવો** રજુ કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **સાહેદનું નામ તથા દરજજો** | **આંક** |
|---|---|---|
| 01 | પંચસાહેદ અર્પણાબેન ચિરાગભાઈ ત્રિપાઠીની જુબાની | ૪૦ |
| 02 | પંચસાહેદ શ્રુજલભાઈ પુરંજનભાઈ દિવેટીયાની જુબાની | ૪૨ |

| | | |
|---|---|---|
| 03 | પંચસાહેદ દિપક પ્રવિણચંદ્ર ગાંધીની જુબાની | ૪૮ |
| 04 | પંચસાહેદ શ્રેણીકભાઈ વાડીલાલભાઈ પટેલની જુબાની | ૪૯ |
| 05 | સાહેદ જયેશ ધરમશીભાઈ દેસાઈની જુબાની | ૫૨ |
| 06 | પંચસાહેદ જબરસિંહ મહોબતસિંહ પુરોહિતની જુબાની | ૫૫ |
| 07 | પંચસાહેદ આકાશ દિપકભાઈ શાહની જુબાની | ૫૬ |
| 08 | પંચસાહેદ દેવાંશ ભરતભાઈ અમીનની જુબાની | ૬૩ |
| 09 | પંચસાહેદ મુકેશભાઈ નારણભાઈ પંચોલીની જુબાની | ૭૦ |
| 10 | પંચસાહેદ રમેશભાઈ કુબેરભાઈ પટેલની જુબાની | ૭૨ |
| 11 | પંચસાહેદ મોનીકભાઈ બાબુભાઈ પ્રજાપતિની જુબાની | ૭૭ |
| 12 | સાહેદ ડો. ઉપેન્દ્રકુમાર ગોલાલભાઈ પટેલની જુબાની | ૮૦ |
| 13 | સાહેદ બીપીનકુમાર પ્રભુદાસભાઈ યોગીની જુબાની | ૮૪ |
| 14 | પંચસાહેદ શંકરભાઈ કાળુભાઈ ચૌધરીની જુબાની | ૯૧ |
| 15 | પંચસાહેદ પ્રેમપ્રકાશ શીતલાપ્રસાદ મિશ્રાની જુબાની | ૯૪ |
| 16 | સાહેદ દિશા દેવેશભાઈ ભાટીની જુબાની | ૯૫ |
| 17 | સાહેદ પ્રવિણભાઈ રણછોડભાઈ પંચાલની જુબાની | ૯૬ |
| 18 | ફરીયાદી કવિતાબેન પ્રવિણભાઈ પંચાલની જુબાની | ૧૦૬ |
| 19 | સાહેદ મીતેષકુમાર જયેન્દ્રભાઈ સોનીની જુબાની | ૧૨૧ |
| 20 | સાહેદ યુવરાજસિંહ જે જાડેજાની જુબાની | ૧૨૭ |
| 21 | ત.ક.અ. પૃથ્વીરાજસિંહ વી. જાડેજાની જુબાની | ૧૩૨ |
| 22 | સાહેદ પ્રભાતસિંહ ભવાનસિંહ રબારીની જુબાની | ૧૩૫ |

(૬) ફરીયાદપક્ષે ઉપરોકત મૌખીક પુરાવા ઉપરાંત નીચે મુજબનો **દસ્તાવેજી પુરાવો** પણ રજુ કરેલ છે :

| **ક્રમ** | **દસ્તાવેજનું વર્ણન અને વિગત** | **આંક** |
|---|---|---|
| 01 | ઈન્કવેસ્ટ પંચનામું | ૪૧ |
| 02 | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૪૩ |
| 03 | આરોપી કુણાલ ઈશ્વરભાઈ દેસાઈના ઘરનું ઝડપી પંચનામું | ૫૦ |
| 04 | સાહેદ મિતેષ જયેન્દ્રભાઈ સોનીના મો.ફોનના વોટસએપ મેસેજના સ્ક્રીન શોટ કબજે કર્યા અંગેનું | ૫૩ |

| | | |
|---|---|---|
| | પંચનામું | |
| 05 | વોટસએપ મેસેજીસના સ્ક્રીનશોટ કબ્જે કરેલ તે અંગેના દસ્તાવેજો | ૫૪ |
| 06 | આરોપી ક્રુણાલ દેસાઈના મો.ફોનના વોટસએપ મેસેજના સ્ક્રીન શોટ કબજે કર્યા અંગેનું પંચનામું | ૫૭ |
| 07 | સાહેદ મિતેષ સોનીના મો.ફોન કબજે કર્યા અંગેનું પંચનામું | ૭૧ |
| 08 | આરોપી ક્રુણાલ દેસાઈની શરીર સ્થિતિનું પંચનામું | ૭૩ |
| 09 | પંચનામું | ૭૮ |
| 10 | અસલ ઈન્કવેસ્ટ પંચનામું | ૮૧ |
| 11 | પી.એમ. કરાવવા સારુ અસલ યાદી | ૮૨ |
| 12 | અસલ પી.એમ. નોટ | ૮૩ |
| 13 | બનાવવાળી જગ્યાએ સ્થળપરીક્ષણ માટેની યાદી | ૮૫ |
| 14 | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૮૬ |
| 15 | પંચનામું | ૯૨ |
| 16 | વોટસએપ સ્ક્રીનશોટસ | ૯૩ |
| 17 | કન્ફોર્મેશન મેઈલની કોપી | ૯૭ |
| 18 | ફરીયાદ | ૧૦૭ |
| 19 | સી.આર.પી.સી. કલમ–૧૫૭ મુજબનો જાહેર રીપોર્ટ | ૧૨૮ |
| 20 | સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા બાબતનો રીપોર્ટ. | ૧૨૯ |
| 21 | એફ.એસ.એલ. રવાનગી નોંધની નકલ. | ૧૩૦ |
| 22 | સી.ડી.આર. મેળવવા માટે કરેલ યાદી.– કોલ ડિટેઈલ મેળવવા અંગે લખેલ યાદીની નકલ. (૧ થી ૨) | ૧૩૧ |
| 23 | ભોગ બનનાર ભુમીબેનનું તથા ક્રુણાલ દેસાઈ બંનેના વોટસએપ ચેટસ | ૧૩૩ |

(૭) ફરીયાદપક્ષનો ઉપરોકત પુરાવો પુરો થયા બાદ ફરીયાદપક્ષે વિધ્વાન એપીપીશ્રીએ ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરતી કલોઝીંગ પુરસીસ રજુ કરતા ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવેલ.

(૮) ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પડેલ પુરાવા અંગે આરોપીને ખુલાસો કરવાની પુરતી તક મળી રહે તે હેતુસર સી.આર.પી.સી.કલમ ૩૧૩ મુજબ આરોપીના વિશેષ નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપીએ ફરીયાદપક્ષના તમામ પુરાવા નકારી કાઢી તેઓ નિર્દોષ હોવાનું તેમની સામે કોઈ ખોટો કેસ કરવામાં આવેલ છે અને ગેરકાયદેસર તપાસ કરી ખોટા અને ઉભા કરેલા પુરાવા રજુ કરવામાં આવેલ છે. તેઓએ સી.આર.પી.સી. કલમ–૩૧૩ લગત તેમના લેખિત ખુલાસા આંક–૧૩૯ થી રજુ કરેલ છે અને તેઓ નિર્દોષ છે અને ખોટી રીતે સંડોવવામાં આવેલ છે તેમ જણાવેલ છે. તેઓએ સોગંદ ઉપર જુબાની આપવી નથી અને બચાવના સાક્ષી તપાસવા નથી તેમ જણાવતા કેસ ફાઈનલ દલીલ માટે મુલતવી રાખવામાં આવેલ. ફરીયાદી સરકારશ્રી તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એસ.બી. પટેલની તથા આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી એસ.વી. ઠાકરની વિસ્તૃત દલીલો સાંભળવામાં આવેલ છે.

(૯) ફરીયાદપક્ષે વિધ્વાન એપીપીશ્રી એસ.બી. પટેલ ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરેલ છે. ફરીયાદીની ફરીયાદને ધ્યાને લેતાં, તેમાં આરોપી વિરુધ્ધ જે આક્ષેપો કરવામાં આવેલા છે તે સંબંધેનો જે પુરાવો રજુ થયેલ છે તે સંપુર્ણપણે માનવાલાયક છે. વધુમાં, તેઓએ રજુઆત કરેલ છે કે, મરણ જનારની લાશનો પી.એમ.રીપોર્ટ જોતા મરણજનારનું મોત અકુદરતી હોવાનું અને ટેરેસ ઉપરથી પડી જવાથી શરીરે મહત્વના અંગોમાં થયેલી ઈજાઓના કારણસર થયેલાનું અને તે રીતે મરણજનારનું મૃત્યુ અકુદરતી રીતે થયેલાની હકીકત ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ છે.

વધુમાં રજુઆત કરેલ કે, ફરીયાદીની ફરીયાદ હકીકત સાથે ફરીયાદ લેનાર પોલીસ અધિકારીનો પુરાવો ધ્યાને લેતા ફરીયાદીના લખાવ્યા મુજબ જ ફરીયાદ લખવામાં આવેલ હોવાનુ તેમજ મરણજનારના લગ્ન આરોપી

નં.૧ સાથે થયેલાનું પુરવાર થાય છે. આમ, મરણજનાર અને આરોપી નં.૧ પતિ–પત્ની હોવાનું પુરવાર થાય છે. તે સંજોગોમાં સદર મરણ જનાર ટાવર ઉપરથી નીચે પડતા મરણ ગયેલાનું જણાવેલ હોય, ત્યારે ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૧૩(એ) મુજબ આરોપી વિરૂધ્ધ એ પ્રકારનું અનુમાન થઈ શકે છે કે, મરણજનારને તેઓ ધ્વારા આપવામાં આવેલ શારીરિક અને માનસિક ત્રાસના કારણસર મરણજનારને આત્મહત્યા કરેલ છે. આમ, આરોપીએ મરણજનારને આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણ આપેલાનું પુરવાર થાય છે.

વિ.સરકારી વકીલશ્રીએ આ કામે રજુ થયેલા ફરીયાદપક્ષના મહત્વના પુરાવામાં ફરીયાદી તથા ફરીયાદપક્ષના સ્વતંત્ર સાહેદોના મૌખિક પુરાવા તરફ ધ્યાન દોરેલ છે અને રજુઆત કરેલ છે કે, ફરીયાદીની ફરીયાદને ફરીયાદીના મૌખિક પુરાવાથી સંપુર્ણ સમર્થન પ્રાપ્ત થયેલ છે તેમજ તેમના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાથી પણ સમર્થન પ્રાપ્ત થાય છે. તેથી, ફરીયાદ અને ફરીયાદીના મૌખિક પુરાવાને ધ્યાને લેવો જોઈએ.

તેઓશ્રી વધુમાં એવી પણ રજુઆત કરે છે કે, મરણજનારનું લગ્ન આરોપી નં.૧ સાથે થયાના ખુબ જ ટુંકા ગાળામાં અંદાજે દોઢેક માસના સમયગાળામાં જ મરણજનારે તેમનું જીવન ટુંકાવેલ છે અને આ કામે રજુ થયેલ પુરાવાને ધ્યાને લેતાં, મરણજનારે તેમનું જીવન ટુંકાવ્યું તે તરત પહેલા આરોપીએ મરણજનાર પાસે રૂપિયાની માંગણી કરેલ હોવાનું પુરવાર થાય છે. તેથી આઈ.પી.સી.કલમ–૩૦૪–બી મુજબનો ગુન્હો બનેલાનું પુરવાર થાય છે.

વિ.એ.પી.પી.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, જયારે આરોપી વિરુધ્ધ આઈ.પી.સી.કલમ–૩૦૪–બી હેઠળનું તહોમતનામું ફરમાવેલ હોય, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૩–બી હેઠળ આરોપી વિરુધ્ધ અનુમાન કરવાનું રહે છે કે, મરણજનારનું મૃત્યુ આરોપી ધ્વારા માંગવામાં આવેલ દહેજના કારણસર થયેલ છે. ફરીયાદપક્ષ ધ્વારા આ હકીકત સંબંધે માનવાલાયક પુરાવો રજુ કરેલ

છે અને તેથી આરોપી નિર્દોષ છે તે હકીકત દર્શાવતો પુરાવો આરોપીએ આપવો જોઈએ, જે આરોપીએ આપેલ નથી અને તેથી ફરીયાદપક્ષનો કેસ પુરવાર થાય છે.

વિ.એ.પી.પી.શ્રીએ એવી પણ રજુઆત કરેલ છે કે, આ કામે રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવા અને મૌખિક પુરાવાને સમગ્ર રીતે ઘ્યાને લેવામાં આવે તો, આરોપી વિરુઘ્ધ જે આક્ષેપ છે તે તમામ હકીકતો પુરવાર થયેલ છે. તેઓએ આ કામે રજુ થયેલ ત.ક.અમલદારશ્રીના પુરાવા તરફ અત્રેની અદાલતનું ઘ્યાન દોરેલ છે અને રજુઆત કરેલ છે કે આંક–૧૩૩ થી રજુ થયેલ ઈલેકટ્રોનિક એવિડન્સ મુજબ પણ ફરીયાદપક્ષનો કેસ પુરવાર થાય છે. તેથી ફરીયાદપક્ષ આરોપી વિરુઘ્ધના તહોમતનામા મુજબનો ગુન્હો વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં સફળ રહેલા હોય, આરોપીને આ ગુન્હાના કામે તકસીરવાન ઠરાવવા જોઈએ. તેઓએ તેમની દલીલના સમર્થનમાં નામદાર સર્વોચ્ચ અદાલતનો વિરેન્દરપાલ ઉર્ફે વિપીન વિરુઘ્ધ સ્ટેટ ઓફ હરીયાણા ક્રિમીનલ અપીલ નં.૩૭૨/૨૦૨૫ નો રજુ કરી રજુઆત કરેલ છે કે, આરોપી વિરુઘ્ધનો કેસ પુરવાર થાય છે. જેથી તેઓને યોગ્ય સજા કરવી જોઈએ.

(૧૦) બચાવપક્ષે આરોપી તરફે વિઘ્વાન વકીલશ્રી એસ.વી. ઠકકર નાઓએ એવી રજુઆત કરેલ છે કે, ફરીયાદ આ કામના ફરીયાદી કે જેઓ મરણજનારના માતૃશ્રી છે તેમણે આપેલ છે, જેની હકીકતો પુરવાર થતી નથી. તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, પંચસાહેદો ઘ્વારા ફરીયાદપક્ષના કેસને સમર્થન આપવામાં આવેલ નથી અને તેથી પંચનામાની વિગતો પુરવાર થતી નથી.

વિ.વ.શ્રીએ એવી પણ રજુઆત કરેલ છે કે, આ કામે મરણજનારના કુલ બે મોબાઈલ ફોન મળી આવેલ હોવાછતાં માત્ર એક જ ફોનની વિગતો ફરીયાદપક્ષ ઘ્વારા રજુ કરેલ છે. જેથી ફરીયાદપક્ષ વિરુઘ્ધ વિપરીત અનુમાન બાંધી શકાય કે, આરોપી નિર્દોષ છે.

તેમજ તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, બનાવવાળા સ્થળે સી.સી.ટી.વી. કેમેરા લગાવેલા હતા, જેના ફુટેજ પોલીસ ધ્વારા પ્રાપ્ત કરવામાં આવેલ હોવાછતાં તે નામદાર કોર્ટ સમક્ષ રજુ રાખેલ નથી અને તેની વિગતો આરોપીને આપવામાં આવેલ નથી. તેથી પણ ફરીયાદપક્ષનો કેસ શંકા ઉપજાવે છે. વધુમાં એવી પણ રજુઆત કરેલ છે કે, ત.ક.અમલદારશ્રી ધ્વારા સીલેકટીવ એવીડન્સ ધ્યાને લઈ તે મુજબ ખોટી તપાસ કરી, આરોપીને ખોટી રીતે ફસાવી દીધેલ છે. આમ, ત.ક.અમલદારશ્રીની તપાસ ખોટી હોય, તેથી પણ આરોપીને તેનો લાભ આપવો જોઈએ.

વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષના તમામ સાહેદો મરણજનારના નજીકના સગાં-સંબંધીઓ છે અને આ તમામ સાહેદો રસ ધરાવતા સાહેદો છે. જેથી તેમના પુરાવાને સહજતાથી સ્વીકારવા ન જોઈએ. તેઓએ રજુઆત કરેલ છે કે, આ કામે સ્વતંત્ર સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષે સમર્થન પ્રાપ્ત થતુ નથી.

વિ.વ.શ્રીએ એવી પણ રજુઆત કરેલ છે કે, આંક-૧૩૩ થી રજુ થયેલ મોબાઈલ વોટસએપ ચેટ એ ઈલેકટ્રોનીક એવીડન્સ હોય તેવો પુરાવો ગ્રાહ્ય રાખવા માટે ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર રજુ થયેલ નથી. જેથી આ પુરાવો ધ્યાને લઈ શકાય નહીં. વધુમાં, આ કામે ફરીયાદપક્ષે જે પુરાવો રજુ કરેલ છે તેમાં કેટલા રૂપિયાની માંગણી આરોપીએ કરેલ તે હકીકત સંબંધે ચોકકસ રકમની હકીકત જણાવેલ નથી. આ હકીકતને ધ્યાને લેતાં, દહેજની જે વાત ફરીયાદપક્ષ લઈને આવેલ છે તે માનવાલાયક નથી.

વધુમાં, તેમની રજુઆત મુજબ મરણજનાર ધ્વારા આત્મહત્યા કરવામાં આવેલ ત્યારબાદ તરત જ તે સંબંધેની ફરીયાદ આપવામાં આવેલ નથી અને ટી.વી.ઈન્ટર્વ્યૂમાં પણ મરણજનારના સગાં-સંબંધીઓએ કોઈ જ હકીકત જણાવેલ નથી. તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે,

મરણજનારને તમામ સુખ સુવિધા આરોપી ધ્વારા આપવામાં આવેલ છે અને તેણીને આરોપી તરફથી કોઈ જ ત્રાસ હોય તેવો કોઈ જ પુરાવો ફરીયાદપક્ષે રજુ કરેલ નથી. વધુમાં, આ કામે સ્વતંત્ર સાહેદો દિરુ અને સંજનાબેનને ફરીયાદપક્ષે તપાસેલા નથી. વધુમાં, જે જગ્યાએ સંજનાબેન અને ફરીયાદપક્ષના અન્ય સાહેદ મિતેષ સોની, જે કોફી હાઉસ સી.સી.ડી. માં મળેલા છે. તે સંબંધેના સી.સી.ટી.વી. ફુટેજ આ કામે રજુ કરેલા નથી.

બચાવપક્ષે વિ.વ.શ્રીએ એવી પણ રજુઆત કરેલ છે કે, મરણજનારનું મૃત્યુ થયુ તે પહેલાના સી.સી.ટી.વી. ફુટેજને ધ્યાને લેવામાં આવે તો તેમાં હાલના આરોપીની કોઈ જ સંડોવણી પુરવાર થતી નથી અને આ સી.સી.ટી.વી. ફુટેજ મુજબ પોલીસે તપાસ કરેલ નથી અને પોલીસની તપાસ પક્ષપાતી છે. તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, પોલીસે ગુજરનાર ભુમી અને મિતેષ સોનીના સમગ્ર ચેટ આ કામે સામેલ રાખેલ નથી અને ફકત સીલેકટેડ ચેટસ જ સામેલ રાખેલ છે. તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, સંજનાબેન નામના વ્યકિત કે જેઓ સચિન ટાવરમાં રહે છે તેમને મરણજનાર ભુમી ધ્વારા ફરીયાદપક્ષના સાહેદ મિતેષ સોની સાથે જોયેલ હોય તે સંબંધે મરણજનાર ધ્વારા આક્ષેપિત પગલું ભરેલ હોવા સંબંધે ત.ક.અમલદારશ્રીએ યોગ્ય તપાસ કરેલ નથી અને હાલના આરોપીને ગુન્હાના કામે સંડોવી દેવામાં આવેલ છે.

વિ.વ.શ્રીએ એવી પણ રજુઆત કરેલ છે કે, આ કામે જે પુરાવો રજુ થયેલ છે તે મુજબ કોઈ પુરાવાથી એવી હકીકત સાબીત થતી નથી કે, મરણજનારના મૃત્યુ પહેલા તરત જ આરોપીએ દહેજની માંગણી કરેલ હોય. લગ્ન સમયે પણ દહેજ સંબંધે કોઈ જ આપલે થઈ હોય કે માંગણી થઈ હોય, તેવુ પણ પુરવાર થતુ નથી. વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ તેમનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવો જોઈએ. તેઓશ્રીએ તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબના અદાલતી ચુકાદાઓનો આધાર લીધેલ છે.

(1) 2007(2) GLR 1272 State of Gujarat v/s Kalavatiben.

(2) 2006(1) GLR 514 State of Gujarat v/s Bharatbhai Lad.

(3) 2024(0) AIJEL SC 73286 Nareshkumar v/s State of Hariyana.

(4) 2016(0) AIJEL HC State of Gujarat v/s Yogeshbhai Joshi.

(5) 1999(3) GLR 2536 Indrasinh M. Raol v/s State of Gujarat.

(6) 2023(0) AIJEL SC 70834.

(7) 2014 (0) AIJEL SC 55727.

(8) 2007(0) AIJEL SC 39101.

(9) AIR 2013 SC 3817.

(10) AIR 1973 SC 2773 Kaliram v/s State of Himachal Pradesh.

**(૧૧)** રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો, બંને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓએ કરેલ રજુઆતો, કેસની હકીકતો અને સંજોગો લક્ષમાં લેતા કેસના અંતીમ નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

-// <u>મુ દ્દા ઓ</u> //-

/૧/ શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, મરણજનારનું મૃત્યુ એ અકુદરતી રીતે થયેલ મૃત્યુ છે ?

/૨/ શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧ કુણાલ ઉર્ફે આર.જે. સ/ઓ ઈશ્વરભાઈ હાલાભાઈ દેસાઈ નાએ મરણ જનાર ભુમીને અગાઉના લગ્ન બાબતે મેણાટોણાં મારી, અપમાનીત કરી, મારઝુડ કરી, શારીરિક તેમજ માનસિક ત્રાસ આપી, પૈસાની માંગણી કરી, મરણ જનાર ભુમીને ઘરમાંથી કાઢી મુકી અન્ય આરોપીઓ નં.૨ અને ૩ સાથેના મેળાપીપણામાં ભેગા મળી એકબીજાની મદદગારી કરી ભોગ બનનાર ભુમીને શારીરિક અને માનસિક ત્રાસ આપી, મરણજનારને આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણ આપતા ભોગ બનનાર ભુમીને તે ત્રાસ સહન ન થતા ભુમીએ આનંદનગર, ૧૦૦ ફુટ રોડ, સચિન ટાવરના ''એચ'' બ્લોક ઉપરથી ઝંપલાવી આત્મહત્યા કરી મરણ ગયેલ હોય. હાલના આરોપીએ ભારતીય

દંડ સંહિતાની **કલમ ૪૯૮(ક), ૩૦૬ તથા ૧૧૪** મુજબ શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલ છે ?

/૩/ શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧ કુણાલ ઉર્ફે આર.જે. સ/ઓ ઈશ્વરભાઈ હાલાભાઈ દેસાઈ નાએ મરણ જનાર ભુમી પાસે દહેજની માંગણી કરી તે અંગે મારઝુડ કરી, શારીરિક તેમજ માનસિક ત્રાસ આપી, મરણ જનાર ભુમીને ઘરમાંથી કાઢી મુકી મરણજનારને આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણ આપી ભારતીય દંડ સંહિતાની **કલમ ૩૦૪(બી) તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ-૩, ૭** મુજબ શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલ છે ?

/૪/ શું હુકમ ?

**(૧૨)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો કારણો અને તારણો સાથે નીચે મુજબ છે.

/૧/ હકારમાં,
/૨/ નકારમાં,
/૩/ નકારમાં,
/૪/ આખરી હુકમ મુજબ.

**(૧૩) ઉપરોકત તારણ ઉપર આવવા માટેના કારણો નીચે મુજબ છે :**

**-//<u>કા ર ણો</u>//-**

**(૧૪) <u>મુદ્દા નં. ૧</u> :-**

**<u>મેડિકલ એવીડન્સ</u>**

આ મુદ્દાના સંદર્ભમાં ફરીયાદપક્ષનો કેસ જોવામાં આવે તો ફરીયાદપક્ષના કેસ મુજબ મરણજનારે આનંદનગર, ૧૦૦ ફુટ રોડ, સચિન ટાવર ના ''એચ'' બ્લોક ઉપરથી ઝંપલાવી આપઘાત કરેલ હોવાનો કેસ છે. જે હકીકતના સંદર્ભમાં મરણજનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું, એફ.એસ.એલ. અધિકારીએ સ્થળ પર પરીક્ષણ કરી આપેલ અહેવાલ તથા મરણજનારની લાશનું પી.એમ. કરવા માટે પોલીસે લખેલ યાદી તેમજ તે સાથેના દસ્તાવેજોને ધ્યાને લેવા જરૂરી છે. આ

સંદર્ભે આંક–૮૧ થી રજુ ઈન્કવેસ્ટ પંચનામું ધ્યાને લેવામાં આવે તો તેમાં જણાવેલી હકીકતને ધ્યાને લેતાં મરણજનારને માથામાં પડવાથી વાગેલાનું જણાવેલ છે. મરણજનારના શરીર ઉપર ઈજાઓ જણાવેલી છે. ફરીયાદપક્ષ તરફે આંક–૮૪ થી બિપીનકુમાર પ્રભુદાસ યોગી સાઈન્ટીફિક ઓફિસરને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની મૌખિક જુબાનીમાં જે હકીકત જણાવેલ છે તે મુજબ તેઓએ બનાવવાળા સ્થળે ''એચ'' બ્લોકના જમીનના ભાગે તપાસતા લોહીના ડાઘાઓ તથા તાજુ લોહી જણાઈ આવેલ. તેઓના મૌખિક પુરાવામાં જણાવેલ હકીકતોને ધ્યાને લેતાં, સ્થળ ઉપરથી મરણજનારનું ડ્રાઈવિંગ લાઈસન્સ, પાનકાર્ડ, એ.ટી.એમ. કાર્ડ, ચુંટણીકાર્ડ, ચશ્મા, ચાવી, ચલણી નોટો બનાવવાળા સ્થળના ધાબા ઉપરથી મળી આવેલ હોવાનું જણાવેલ છે અને સ્પષ્ટ રીતે એવી હકીકત જણાવેલ છે કે, એચ બ્લોકના ધાબા ઉપરથી પડવાથી મરણજનારનું મોત થયા હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ માલુમ પડે છે. આમ, સાઈન્ટીફિક ઓફિસરની જુબાનીથી પણ મરણજનારનું મૃત્યુ અકુદરતી હોવાનું પુરવાર થાય છે.

**(૧૪.૧)** આ કામે આ સંદર્ભે ફરીયાદપક્ષ તરફે ડો. ઉપેન્દ્રકુમાર ગોપાલભાઈ પટેલની જુબાની આંક–૮૦ થી નોંધવામાં આવેલ છે, જેમાં તેઓએ મરણજનારની લાશનું પરીક્ષણ કરેલ અને મરણજનારના શરીર ઉપર આંતરીક અને બાહય ઈજાઓ જોવા મળેલ હોવાનું જણાવેલ. ડોકટરશ્રીએ તેમની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, જો કોઈ વ્યકિત ઉંચા ટાવર ઉપરથી ઝંપલાવીને નીચે પડે તો પી.એમ. નોટમાં જણાવેલી ઈજાઓ થઈ શકે. તેઓએ આંક–૮૩ થી પી.એમ. નોટ રજુ રાખેલ છે. જે પી.એમ. નોટની વિગતોને ધ્યાને લેતા, તે તમામ હકીકતો પી.એમ. નોટ તૈયાર કરનાર ડોકટરશ્રી ધ્વારા તેમની મૌખિક જુબાનીમાં જણાવેલ છે અને મૃત્યુના સંભવિત કારણ અંગેનો અભિપ્રાય આપેલ છે, જેમાં મૃત્યુનુ કારણ શરીરના મુખ્ય ભાગો અને મહત્વના અંગો ઉપર થયેલ ઈજાઓના કારણે મૃત્યુ થયેલ હોવાનું જણાવેલ છે. આ તમામ હકીકતોને ધ્યાને લેતાં, તેમજ

બચાવપક્ષ તરફે ઉપરોકત સાહેદની કરવામાં આવેલ ઉલટ તપાસને ઘ્યાને લેતા અને બચાવપક્ષ તરફેની રજુઆતની સમગ્ર હકીકતોને ઘ્યાને લેતાં, રજુ થયેલ ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં, ફરીયાદપક્ષ એ હકીકત પુરવાર કરવામાં સફળ રહેલ છે કે, મરણ જનારનું મૃત્યુ અકુદરતી રીતે ઉપરોકત દર્શાવેલા સ્થળ ઉપરથી પડી જવાથી થયેલ છે. આમ, મરણ જનારનું મૃત્યુ અકુદરતી હોવાનું પુરવાર થાય છે. આમ, મુદ્દા નં.૧ નો જવાબ તે રીતે હકારમાં આપવામાં આવે છે.

**(૧૫) <u>મુદ્દા નં. ૨ અને ૩ :</u>–**

મુદ્દા નં.૨ અને ૩ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય, અનુકુળતા માટે અને રીપીટેશન ન થાય તે માટે બન્ને મુદ્દાઓની સંયુકત ચર્ચા કરવી જરૂરી હોય, ઉપરોકત મુદ્દાઓની તે રીતે સંયુકત ચર્ચા કરેલ છે.

ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલાં કાયદાના કેટલાક પ્રસ્થાપિત સિધ્ધાંતો ઘ્યાને લેવા જરૂરી છે. ફોજદારી ટ્રાયલમાં કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, કોઈપણ ક્રિમીનલ કેસ એવા અનુમાન સાથે શરૂ થાય છે કે, આરોપી નિર્દોષ છે, જયાં સુધી તેનો ગુનો પુરવાર ન થાય. કાયદાનો એ પણ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફોજદારી કેસોમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો હોય છે અને ફરીયાદપક્ષે આરોપી સામેનું તહોમત પુરવાર કરવા માટે જરૂરી તમામ હકીકતો વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાની હોય છે. આ હકીકત સંબંધે નામદાર સર્વોચ્ચ અદાલતે માર્ગદર્શક ચુકાદો ઘ્યાને લેતાં, નામદાર સર્વોચ્ચ અદાલતે **Kali Ram Vs. State of H.P. (1973) 2 SCC 808** ના ચુકાદામાં પેરા–૨૩ માં એવુ ઠરાવેલ છે કે,

> "**23.** one of the cardinal principles which has always to be kept in view in our system of administration of justice for criminal cases, is that a person arraigned as an accused is presumed to be innocent unless that presumption is rebutted by the prosecution by production of evidence as may show

> him to be guilty of the offence with which he is charged. The burden of proving the guilt of the accused is upon the prosecution and unless it relieves itself of that burden, the courts cannot record a finding of the guilt of the accused. There are certain cases in which statutory presumption arise regarding the guilt of the accused, but the burden even in those cases is upon the prosecution to prove the existence of fact which have to be present before the presumption can be drawn. Once those facts are shown by the prosecution to exist, the court can raise the statutory presumption and it would, in such an event, be for the accused to rebut the presumption. The onus even in such cases upon the accused is not as heavy as is normally upon the prosecution to prove the guilt of the accused. If some material is brought on the record consistent with the innocence of the accused, which may reasonably be true, even though, it is not positively prove to be true, the accused would be entitled to acquittal."

**(૧૬)** મુદ્દા નં.૧ માં ઠરાવ્યા મુજબ મરણજનારનું મૃત્યુ અકુદરતી રીતે થયેલાનુ અને મરણજનારે આનંદનગર, ૧૦૦ ફુટ રોડ, સચિન ટાવર ના ''એચ'' બ્લોક ઉપરથી ઝંપલાવી આત્મહત્યા કરી મરણ ગયેલ હોય, ત્યારે હવે સવાલ એ ઉપસ્થિત થાય છે કે, શું મરણજનારે ત્રણેય આરોપીઓએ એકબીજાની મદદગારીથી મરણ જનાર ભુમીને અગાઉના લગ્ન બાબતે મેણા ટોણા મારી અપમાનીત કરી, મારઝુડ કરી, શારીરિક તેમજ માનસિક ત્રાસ આપી, પૈસાની માંગણી કરી આરોપીઓએ મરનારને કૃરતાનો ભોગ બનાવી મરી જવા માટે દુષ્પ્રેરણ કરેલ કે કેમ ? આ હકીકતના સંદર્ભમાં ફરીયાદપક્ષના પુરાવાની ચર્ચા કરતા પહેલા સૌ પ્રથમ ઈ.પી.કો.કલમ ૪૯૮(ક) ની જોગવાઈ જોવામાં આવે તો :

**કલમ ૪૯૮(ક) : સ્ત્રીનો પતિ અથવા પતિના સગા તેણીને કૃરતાનો ભોગ બનાવે :**

કોઈપણ સ્ત્રીનો પતિ અથવા પતિના સગા હોય તે કોઈ સ્ત્રીને કૃરતાનો ભોગ બનાવે અને એવા પ્રકારનું ઈરાદાપૂર્વકનું વર્તન કે જે સ્ત્રીને આત્મહત્યા કરવા પ્રેરે અથવા પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડે અથવા જીંદગી, શરીરના કોઈ અવયવ કે (માનસિક કે શારીરિક) આરોગ્યને ભયમાં મુકવા પ્રેરે :

વધુમાં આ હકીકતના સંદર્ભમાં રેકર્ડ પરનો પુરાવો તેમજ પક્ષકારો તરફે કરવામાં આવેલ રજુઆતો ધ્યાને લેતા સૌ પ્રથમ ઈ.પી.કો. **કલમ ૩૦૬** ની જોગવાઈ મુજબ જો કોઈ વ્યકિત આત્મહત્યા કરે તો તેવી વ્યકિતને આત્મહત્યા કરવામાં જો કોઈ વ્યકિતએ કે વ્યકિતઓએ મદદગારી કરેલી હોય કે કોઈ દુષ્પ્રેરણા કરેલ હોય તો તેવી વ્યકિતએ સદરહુ તહોમત નીચેનો ગુન્હો કરેલો છે તેવું કહેવાશે. એ વિશે કોઈ શંકા નથી કે, મનુષ્યને જીંદગીમાં સૌથી વધુ પ્રેમ પોતાના ખુદના જીવ સાથે હોય છે. મૃત્યુની કલ્પના પણ માણસને ધ્રુજાવી દેતી હોય છે. આથી કોઈ વ્યકિત વ્યાજબી કારણ કે સંજોગો સિવાય આત્મહત્યા કરી પોતાની મુલ્યવાન જિંદગી નષ્ટ કરવાનું પસંદ કરી શકે નહીં. આમ છતાં પણ સમાજમાં આત્મહત્યાના બનાવો વારંવાર બનતા જોવા મળે છે. તેની પાછળ દરેક વખતે કોઈને કોઈ કારણ જવાબદાર હોય છે. ઘણી વખત માણસને હતાશા આત્મહત્યા કરવા તરફ દોરી જાય છે, તો નિષ્ફળતા પણ આવા જ કિસ્સાની જન્મદાતા છે. આ ઉપરાંત ગરીબી, બેરોજગારી, પંગુતાપણુ, ગંભીર બિમારી, તેમની સામે ઉભા થયેલા સંજોગો સામે ટકી નહીં શકવાની નબળાઈ, ક્રુરતા, ત્રાસ વિગેરે અનેક પ્રકારના કારણો કે તેવા પરિબળો આત્મહત્યા માટે જવાબદાર હોવાનું અનુભવવામાં આવેલ છે. ઘણી વખત એવું પણ જોવા મળે કે, સતત અને એકધારી રીતે ચોકકસ સંજોગોનો શિકાર બનેલ હોવા છતાં જિંદગી જીવવાની અગમ્ય ઈચ્છાના કારણસર કોઈ વ્યકિત તેવા સંજોગોનો સામનો કરી રહેલો હોય અને પોતાની જાતને ટકાવી રાખેલી હોય, પરંતુ પાછળથી કોઈ અંગત કારણોસર તેણે આત્મહત્યા કરી પોતાની જિંદગી ટૂંકાવી નાંખેલી હોય અને તે કારણ તે ભોગ બનનાર વ્યકિત એકલી જ જાણતી હોય અને તેના મૃત્યુ સાથે તેવા કારણનું રહસ્ય પણ કાયમ માટે દબાઈ જતું હોય છે. તેથી જ જયારે જયારે કોઈ વ્યકિતએ આત્મહત્યા કરેલી હોય અને બીજી વ્યકિતએ તેને આત્મહત્યા કરવામાં મદદગારી કે દુષ્પ્રેરણા કરેલી છે તેવો આક્ષેપ મુકવામાં આવે ત્યારે તે વ્યકિતએ ભોગ બનનાર વ્યકિતને આવી મદદગારી કે તેવી

દુષ્પ્રેરણા કરેલી હોવાનું સાબિત કરવું જોઈએ તથા મદદગારી કે દુષ્પ્રેરણાને સીધુ જોડાણ હોવાનું પણ સાબિત થવું જોઈએ. આ મદદગારી એટલે કે, ભારતીય દંડ સંહિતાની **કલમ ૧૦૭** માં કરવામાં આવેલી જોગવાઈ મુજબની મદદગારી છે, આ જોગવાઈ નીચે મુજબ છે.

<u>'' ૧૦૭ કોઈ બાબતમાં મદદગારી.</u>

(૧) કોઈ બાબત કરવા માટે અન્ય વ્યકિતને ચઢવણી કરે અથવા (૨) કોઈ બાબત કરવા માટે અન્ય કે એક કે વધુ વ્યકિતઓ સાથે કાવતરામાં સામેલ અને તે કાવતરાના અનુસંધાને કોઈ બાબત કરવામાં આવે કે તે કરવાનું ગેરકાનૂની રીતે ટાળવામાં આવે અથવા, (૩) કોઈ બાબત કરવા અથવા કરવાનું ગેરકાનૂની રીતે ટાળીને કોઈ બાબત કરવામાં ઈરાદાપુર્વક સહાય કરે, તો તે બાબતમાં મદદગારી કરેલ છે. ''

ભારતીય દંડ સંહિતાની **કલમ ૧૦૭** ની ઉપરની જોગવાઈ ધ્યાનમાં રાખતાં એવું ખુલે છે કે, જયારે કોઈ વ્યકિતએ અન્ય વ્યકિતને કોઈ કૃત્ય કરવા ચઢામણી કરેલ હોય અગર તો કોઈ કૃત્ય કરવા માટે બે થી વધુ વ્યકિતઓએ મળી કાવતરુ રચેલ હોય અગર તો કોઈ બાબત કરીને કે કરવાનું ગેરકાનૂની રીતે ટાળીને કોઈ કૃત્ય કરેલ હોય, જેના કારણે ભોગ બનનાર વ્યકિતએ આત્મહત્યા કરેલી હોય તો તેવી વ્યકિતએ ભારતીય દંડ સંહિતાની **કલમ ૧૦૭** નીચેની આત્મહત્યામાં મદદગારીનું કૃત્ય કરેલ છે તેવું કહી શકાય.

આ જોગવાઈને કુલ ૩ ભાગમાં વહેંચી શકાય. **(૧) ચઢવણી (૨) કાવતરુ અને (૩) કાઈક કરીને અગર તો ગેરકાનૂની રીતે કરીને.** ખાસ કરીને હાલના કેસ જેવા સંજોગોમાં આરોપીએ ભોગ બનનાર માટે થઈને અન્ય કોઈ વ્યકિતઓ સાથે મળીને કોઈ કાવતરુ કરેલ હતું, તેવો ફરિયાદ પક્ષનો કેસ નથી. જયારે બીજુ તત્વ કે જે કાંઈક કરીને અગર તો કોઈ કૃત્ય કરવાનું ટાળીને મદદગારી કર્યા અંગેનું છે,

જે તત્વ ઘણું જ મહત્વનું છે. જેમાં ગુન્હેગાર ભોગ બનનાર વ્યકિતને સીધી કે આડકતરી રીતે મદદ કરતો હોય છે. ભોગ બનનારને જિંદગી ટૂંકાવવા માટે થઈને સ્ફોટક પદાર્થ, ઝેર કે બીજા કોઈ સાધનો પુરા પાડેલા હોય છે. જે કૃત્ય તેમને સીધી રીતે આત્મહત્યામાં મદદ કરે છે. જયારે આ જ તત્વના બીજા ભાગમાં કાઈક કૃત્ય કરવું જોઈએ તે નહીં કરીને મદદગારી કર્યા અંગેનો છે. આ તત્વ દરેક વ્યકિતની કાયદાકીય જવાબદારી સાથેનું છે. જયારે કોઈ વ્યકિત કોગ્નીઝેબલ ગુન્હો કરતી હોય ત્યારે તે ગુન્હો થતો જોનાર દરેક વ્યકિતની તે ગુન્હો થતો અટકાવવાની જવાબદારી થઈ પડે છે. જો આવો ગુન્હો થતો માત્ર જોવામાં જ આવે અને તેને અટકાવવામાં ન આવે તો તે વ્યકિત પોતાની કાનૂની ફરજ ચુકેલા છે અને ગુન્હો કરવામાં મદદગારી કરેલી છે તેવું કહેવાશે. **કલમ ૧૦૭** ની વ્યાખ્યા વંચાણે લેતા ત્રણ પ્રકારની મદદગારી પૈકી જોઈએ તો ચઢવણી કાવતરૂ અથવા કાર્યલોપ આ ત્રણ બાબતો ટુંકમાં ઘ્યાને લઈ શકાય. આ કલમની વિવેચનામા જાણીબુઝીને, ઈચ્છાપૂર્વક, સ્વૈચ્છાપુર્વક, ઈરાદાપુર્વક સરળતા કરી આપવા જેવા શબ્દો ગુનેગાર કે ગુનામાં મદદગારી કરનારનો ઈરાદો દર્શાવે છે અને તે જે કૃત્યમાં મદદગારી કરે છે, તે કૃત્યનું પરિણામ અથવા સંભવિત પરિણામ તે વ્યકિત જાણતો હોય છે.

**<u>પંચ સાહેદોનો પુરાવો :</u>**

**(૧૭)** ઉપરોકત કાનુની સિધ્ધાંતને નજર સમક્ષ રાખી આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા, ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક પુરાવો ઘ્યાને લેવો જરૂરી છે. ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલા પંચસાહેદોનો પુરાવો ઘ્યાને લેતાં, આંક–૪૦ થી તપાસવામાં આવેલા પંચસાહેદ અપર્ણાબેન ચિરાગભાઈ ત્રિપાઠી કે જેઓ ઈન્કવેસ્ટ પંચનામાના પંચસાહેદ છે. તેઓએ ઈન્કવેસ્ટ પંચનામાની હકીકત મુજબ પુરાવો આપેલ છે. જયારે આંક–૪ર થી તપાસવામાં આવેલ પંચસાહેદ સૃજલભાઈ પુરંજનભાઈ દિવેટીયા ઘ્વારા આંક–૪૩ વાળા મુદ્દામાલ રીકવર

કર્યા અંગેના પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. આમ, આંક–૪૩ વાળુ પંચનામું પુરવાર થતુ નથી.

(૧૮) આંક–૫૦ વાળા પંચનામાના પંચસાહેદ શ્રેણીકભાઈ વાડીલાલ પટેલ તેમની આંક–૪૯ ની જુબાનીમાં આરોપીના બેડરૂમના પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી તેમજ આંક–૫૨ થી તપાસવામાં આવેલા સાહેદ જયેશ ધરમશીભાઈ દેસાઈ ધ્વારા આંક–૫૩ વાળા મોબાઈલ ફોનમાંથી વોટસએપ ચેટ રીકવર કર્યા અંગેના પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. વધુમાં, આંક–૫૫ થી તપાસવામાં આવેલ સાહેદ જબરસિંહ મહોબતસિંહ પુરોહિત ધ્વારા આંક–૫૪ વાળા ઉપરોકત પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. આંક–૫૬ થી તપાસવામાં આવેલ ફરીયાદપક્ષના સાહેદ આકાશ દિપકભાઈ શાહની જુબાનીને ધ્યાને લેતાં, તેઓએ આંક–૫૮ વાળા મોબાઈલ જપ્ત કર્યા અંગેના પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. તે રીતે આંક–૬૩ થી તપાસવામાં આવેલા સાહેદ દેવાંશ ભરતભાઈ અમીન ધ્વારા આંક–૫૭ વાળા આરોપી પાસેથી મોબાઈલ ફોન જપ્ત કર્યા અંગેના પંચનામાને સમર્થન આપેલ નથી. આંક–૭૦ થી તપાસવામાં આવેલા સાહેદ મુકેશભાઈ નારણભાઈ પંચોલી તેમજ આંક–૭૨ થી તપાસવામાં આવેલ પંચસાહેદ રમેશભાઈ કુબેરભાઈ પટેલ ધ્વારા આંક–૭૩ વાળા પંચનામાને સમર્થન આપેલ નથી. તે જ રીતે આંક–૭૭ થી તપાસવામાં આવેલ સાહેદ મોનીક બાબુભાઈ પ્રજાપતિ ધ્વારા આંક–૭૮ વાળા ઈમેઈલ એકાઉન્ટની ચેટની પ્રિન્ટઆઉટ કબજે લીધેલ હોવા બાબતના પંચનામાની વિગતોને સમર્થન આપેલ નથી. ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ શંકરભાઈ કાળુભાઈ ચૌધરી તેમની આંક–૯૧ ની જુબાનીમાં તથા પ્રેમપ્રકાશ શિતલાપ્રસાદ મિશ્રાને આંક–૯૪ થી તપાસવામાં આવેલા છે, તેઓ બન્ને પંચસાહેદોએ આંક–૯૨ વાળા પંચનામાની વિગતોને સમર્થન આપેલ નથી અને આંક–૯૩ થી રજુ થયેલ આરોપી કુણાલ અને મરણજનાર ભુમી સાથેના વોટસએપ ચેટીંગની સ્ક્રીનશોટની

પ્રિન્ટ આઉટ કુલ–૭૭ પ્રિન્ટ રજુ કરવામાં આવેલ, તે હકીકતને તેઓએ નકારી કાઢેલ છે. આ તમામ સાહેદોને ફરી ગયેલા સાહેદ જાહેર કર્યા બાદ સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેમની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. આ ઉલટ તપાસને સમગ્ર રીતે ધ્યાને લેતાં, તેમાંથી ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી લેશમાત્ર હકીકત નિકળી આવેલ નથી. આ તમામ પંચસાહેદોના પુરાવાને ધ્યાને લેતાં, બનાવવાળી જગ્યાનું પંચનામું, આરોપી પાસેથી મોબાઈલ જપ્ત કર્યા અંગેનું પંચનામું, આરોપીના ઘરનું પંચનામુ, ઈલેકટ્રોનિક એવીડન્સની પ્રિન્ટઆઉટ લેવા અંગેનું પંચનામું વિગેરે જે પંચનામા કરવામાં આવેલા છે તે તમામ પંચનામાની હકીકતો પંચોના પુરાવાથી પુરવાર થતી નથી. આમ, આ હકીકતો પ્રાથમિક તબકકે પુરવાર થતી ન હોય, તેની હકીકતોને ધ્યાને લેતાં, પંચનામા લગતનો પુરાવો ધ્યાને લેતાં, ઉપરોકત જણાવેલા પંચનામાની હકીકતો પંચોની જુબાનીથી પુરવાર થતી નથી.

(૧૯) <u>ભોગ બનનારના સગા સંબંધીઓનો પુરાવો :</u>

ફરીયાદપક્ષ તરફે આંક–૯૫ થી દિશા દેવેશભાઈ ભાટીને તપાસવામાં આવેલા છે, જેઓ મરણજનાર ભુમીના નાના બહેન છે. તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, ભુમીના લગ્ન અગાઉ થયેલ હતા અને તેણી યુ.એસ. ગયેલ અને ત્યારબાદ પરત આવેલા અને તેને તેના પતિ સાથે મનમેળ ન હોય, સંમતિથી છુટાછેડા લીધેલા અને ત્યારબાદ આરોપી ક્રુણાલ સાથે લગ્ન કરેલા ત્યારબાદ ભુમી અને આરોપી ક્રુણાલ ફરવા ગયેલા અને ભુમી તેની સાસરીમાં હતી અને થોડી ડિસ્ટર્બ લાગતી હતી અને ભુમીએ એવી વાત કરેલ કે, ક્રુણાલ એગ્રેસીવ લાગે છે અને નાની વાતમાં ઝઘડાઓ કરે છે અને જમવાનું ફેંકી દે છે. તેઓ એવુ પણ જણાવે છે કે, તેને ક્રુણાલ જોડે બેંગકોક ફરવા ગયેલા ત્યારે મગજમારી થયેલી. તેઓના જણાવ્યા મુજબ ભુમીને મેન્ટલ પ્રેશર અને ટોર્ચરીંગ તેના પતિ અને સાસુનું હતું, જેથી ભુમીએ આત્મહત્યા કરેલી.

**(૧૯.૧)** આ સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલી ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો, તેમાં તેઓ એવી હકીકત કબુલ રાખે છે કે, ભુમીની બર્થડે માટે ચાર–પાંચ દિવસ બેંગકોક ગયેલ. તેની બર્થડે વખતે ભુમીના માતા–પિતા આબુ ગયેલા ત્યારે ક્રુણાલના માતા–પિતા પણ આબુ ગયેલા અને તેઓ સાથે હતા. તેઓએ એવી હકીકત પણ કબુલ રાખેલ છે કે, ભુમી અને ક્રુણાલ પહેલી વાર માલદીવ ફરવા ગયેલા અને પરત આવ્યા પછી ઉદેપુર ફરવા ગયેલા. આ સાહેદ એવી હકીકત કબુલ રાખે છે કે, ક્રુણાલ એગ્રેસીવ લાગે છે તેમજ જમવાનું ફેંકી દે છે તેવી હકીકતો તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. આ સાહેદના પુરાવાને ધ્યાને લેતા, તેમાંથી તેવી હકીકત જણાઈ આવતી નથી કે, આરોપીએ મરણ જનાર ભુમી પાસે અથવા તો મરણ જનાર ભુમીના માતા–પિતા પાસેથી કોઈપણ પ્રકારના રૂપિયાની કોઈ માંગણી કરી હોચ. ફરીચાદપક્ષના કેસની હકીકતને ધ્યાને લેતાં, જયારે ફરીચાદપક્ષનો કેસ એવી હકીકત સાથે આવ્યા હોચ કે, મરણ જનાર ભુમીને આરોપી ધ્વારા રૂપિયાની માંગણી થતા મરણ જનારે આત્મહત્યા કરી હોચ, તે હકીકત સંબંધે આ સાહેદ લેશમાત્ર હકીકત જણાવતા નથી. વધુમાં, તેઓએ તેમની જુબાનીમાં આરોપી એગ્રેસીવ લાગતા હોવાનું તેમજ જમવાનું ફેંકી દેતા હોવાની હકીકતો પ્રથમવાર જણાવતા હોચ આ વિરોધાભાષ મહત્વનો વિરોધાભાષ હોવાનું જણાઈ આવે છે.

**(૧૯.૨)** ફરીચાદપક્ષ તરફે સાહેદ પ્રવિણભાઈ રણછોડભાઈ પંચાલને આંક–૯૬ થી તપાસવામાં આવેલા છે, તેઓ મરણ જનાર ભુમીના પિતાજી છે. તેઓએ તેમની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તેમની દિકરીના લગ્ન આરોપી સાથે થયેલા અને મેરેજ થયા પછી તેમની દિકરી ભુમી નોકરી કરશે. તેઓ એવી હકીકત જણાવે છે કે, આરોપી અને તેમની દિકરી હનીમુન માટે માલદીવ ગયેલા અને ત્યાંથી પરત આવ્યા પછી તેમની દિકરી ભુમી બહુ અપસેટ હતી અને તેને પુછેલ તો કહેલ કે, ક્રુણાલે મારી પાસે પચ્ચીસ લાખ રૂપિયાની માંગણી કરેલી અને તેથી તે સતત

ટેન્શનમાં રહેતી હતી અને તેના અગાઉના મેરેજ અંગે વારંવાર અપમાનિત કરતો હતો અને પૈસા બાબતે મેણા ટોણાં મારતો હતો. તેઓએ એવી પણ હકીકત જણાવેલ છે કે, ભુમીનો બર્થડે હોય આરોપી કુણાલ સાથે બેંગકોક ગયેલા અને તે વખતે તેમના મિત્ર દિરુ અને તેમના વાઈફ અંકીતા બેંગકોક ગયેલા અને બર્થડેના દિવસે મારી દિકરીને આખી રાત સુધી રડાવેલી અને બન્ને હાથે મારઝુડ કરેલ તેમજ કુણાલે તેમની પાસેથી ત્રીસ હજાર રૂપિયા માંગેલા, જે તેઓએ આપેલા. તેઓએ એવી હકીકત પણ જણાવેલી છે કે, તા.૨૦/૦૧/૨૦૧૬ ના રોજ ભુમી તેમના ઘરે આવેલી અને તેની સાથે તેમની દિકરી દિશા અને તેમના પત્ની કવિતાબેન તેઓની ભાણીના ઘરે ગયેલા ત્યારે ભુમી મોબાઈલ ઉપર વાત કરતી હતી કે, હવે મારે તમને કેટલા પૈસા આપવાના છે, અને જોર જોર થી ફોન ઉપર વાત કરતી હતી, તે સાંભળી મારી દિકરી દિશાએ પછી ઘરે આવતા ભુમીના ફોન ઉપર તેમની સાસુનો ફોન આવેલ અને કુણાલને સમજાવવાની વાત કરેલ. આ સાહેદના પુરાવાને ધ્યાને લેતાં તેઓ એવી પણ હકીકત જણાવે છે કે, આરોપી ધ્વારા તેમની દિકરીને શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો.

આ સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસને ધ્યાને લેતાં તેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, તેઓ રાજસ્થાન રાજપુતાના હોટલમાં રોકાયેલા ત્યારે બાજુની રૂમમાં કુણાલના પપ્પા પણ રોકાયેલા હતા. તે સંબંધે સાહેદે જણાવેલ કે, તેઓ સડન્લી આવેલા. તેઓએ તેમની તથા આરોપી કુણાલના પિતાની ટ્રીપ કુણાલે આયોજીત કરેલ હોવાની હકીકતને નકારી કાઢયા બાદ તેઓએ એવી હકીકત કબુલ રાખેલ છે કે, કુણાલે તેમની અને તેમના પત્નીને રાજસ્થાન આબુની ટ્રીપનું વાઉચર આપેલ હતું. તેઓએ એવી હકીકત પણ કબુલ રાખેલ છે કે, બનાવના દિવસે તેઓએ ભુમીને કોલ કરીને પુછેલ કે, બેટા કેમ છે ? તો ભુમીએ કહેલ કે પપ્પા, સારુ છે, હવે હું બહાર જાઉં અને કામ પતાવીને આવી

જઈશ, તમે ફોન મુકો. તેઓએ એવી હકીકત પણ કબુલ રાખેલ છે કે, બનાવના દિવસે સવાર અને બપોર બન્ને સમયે મારે ભુમી સાથે ફોન ઉપર વાત થયેલ. આ વાત સવારે નવ વાગે અને બપોરના ૧૨:૩૦ પછી થયેલ.

ઉપરોકત પુરાવાને ધ્યાને લેતા, ફરીયાદપક્ષના સાહેદ કે જેઓ મરણ જનાર ભુમીના પિતાજી છે. તેઓએ જયારે એવી હકીકત જણાવેલી હોય કે, ભુમી મોબાઈલ ફોન ઉપર જોર જોરથી વાત કરતી હતી કે, હવે મારે તમને કેટલા પૈસા આપવાના છે અને આ હકીકત ભુમીએ તેઓની બહેન દિશાને પણ જણાવેલ. જો આ હકીકતને સાચી માનવામાં આવે તો ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ મરણ જનાર ભુમીના બહેન દિશા તેમની આંક–૯૫ ની જુબાનીમાં આરોપીએ તેમની બહેન પાસેથી રૂપિયાની માંગણી કરેલ હોય, તેવી લેશમાત્ર હકીકત જણાવેલી નથી તેમજ સાહેદ દિશાએ ભુમી પાસેથી તેના પતિ પૈસાની માંગણી કરતા હતા અને તે સંબંધે ભુમીએ હવે કેટલા પૈસા આપવાના છે તેવુ ફોન ઉપર વાત કરતી હોવાની કોઈ જ હકીકત તેમની જુબાનીમાં જણાવતા નથી. આમ, પૈસાની માંગણી સંબંધેની ભુમીની વાતચીત થયેલ હોવાની હકીકત શંકાસ્પદ જણાય છે. કારણ કે, જો આ હકીકત સંબંધેનો બનાવ બનેલ હોય, તો દિશા કે જેઓ હાલના સાહેદના જણાવ્યા મુજબ મરણ જનાર ભુમી સાથે તે વખતે હતા અને દિશાની હાજરીમાં આ વાતચીત થયેલ તો આ હકીકત સાહેદ દિશાએ તેમની જુબાનીમાં ચોકકસપણે જણાવેલ હોત, પરંતુ આવી કોઈ જ હકીકત સાહેદ દિશાની જુબાનીમાંથી જણાઈ આવતી નથી.

વધુમાં, ઉપરોકત સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલી ઉલટ તપાસમાં સૌ પ્રથમ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેમની અને આરોપી ક્રુણાલના પિતાજીની રાજસ્થાનની ટ્રીપનું આયોજન ક્રુણાલે કરેલ હતું. ત્યારબાદ આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમનું અને આરોપીના પિતાનું રાજસ્થાનની ટ્રીપનું વાઉચર આપેલ હતું. આ હકીકતને ધ્યાને લેતાં, આ સાહેદના પુરાવામાં ઉપરોકત વિરોધાભાષ જણાઈ આવે છે. વધુમાં, તેઓ એવી હકીકત

જણાવતા હોય કે, રાજસ્થાનમાં તેમની બાજુની રૂમમાં કુણાલના પપ્પા રોકાયેલા હતા, તેઓ સડન્લી આવેલા. તો તે હકીકત પણ માનવાલાયક અને સ્વીકારવાપાત્ર જણાતી નથી. કારણ કે, બન્નેના રૂમ બાજુ–બાજુમાં આવેલા છે અને જયારે આરોપી ધ્વારા તેઓ બન્નેની રાજસ્થાન–આબુની ટ્રીપનું વાઉચર આપેલ હતું તો તેવા સંજોગોમાં આ સાહેદે ઉપરોકત જણાવેલી 'સડન્લી આવેલ' હોવાની જે હકીકત જણાવી તે માનવાલાયક નથી. ઉપરોકત હકીકતને ધ્યાને લેતાં, જયારે ફરીયાદપક્ષના મહત્વના કહી શકાય તેવા સાહેદ કે જેઓ મરણ જનારના પિતાજી છે, તેઓ આ બાબતે મહત્વની હકીકત સંબંધે વિરોધાભાષી પુરાવો આપતા હોય, આ સાહેદનો પુરાવો ઉપરોકત કરેલ ચર્ચા મુજબ સ્વીકારવાપાત્ર અને માનવાલાયક જણાતો નથી.

આ સાહેદ તેમની ઉલટ તપાસમાં જયારે એવી હકીકત કબુલ રાખતા હોય કે, બનાવના દિવસે તેઓએ ભુમીને ફોન કરીને પુછેલ કે, કેમ છે બેટા ? તો ભુમીએ કહેલ કે, પપ્પા સારુ છે, હું બહાર છું, કામ પતાવીને આવી જઈશ. તમે ફોન મુકો. આ હકીકતને ધ્યાને લેતાં, બનાવના દિવસે જયારે મરણ જનાર સાથે હાલના સાહેદની વાતચીત થયેલ હતી ત્યારે મરણ જનારે તેમના મૃત્યુ પહેલા એવી કોઈ હકીકત તેઓને જણાવી નથી કે જેનાથી એ હકીકતને માનવાને કારણ રહે કે, મરણ જનાર ભુમીને આત્મહત્યા કરવા માટેની દુષ્પ્રેરણ હાલના આરોપીઓ ધ્વારા આપવામાં આવેલ હતું. વધુમાં, જયારે આ સાહેદ એવી હકીકત પણ કબુલ રાખતા હોય કે, બનાવના દિવસે સવારે ૯:૦૦ વાગ્યે અને બપોરે ૧૨:૩૦ પછી તેઓને ભુમી સાથે ફોન પર વાત થયેલી. આ હકીકતને ધ્યાને લેતાં, જયારે આ સાહેદને ઉપરોકત વાતચીત ભુમી સાથે ફોન ઉપર થયેલ હતી તો તે વખતે મરણ જનારે તેણીને આરોપીનો ત્રાસ હોવા સંબંધેની કોઈ જ વાતચીત કરવામાં આવેલ નથી. આમ, મરણ જનારનું મૃત્યુ થયુ તે તરત પહેલાં તેણીને આરોપી ધ્વારા શારીરિક કે માનસિક ત્રાસ હોવા સંબંધેનું કે તેણીને દહેજની

માંગણી સંબંધે ત્રાસ આપેલ હોવા સંબંધેની કોઈ જ હકીકત જણાવેલ ન હોય, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ તથા ૩૦૪–બી ના આવશ્યક તત્વો આકર્ષિત થતા નથી અને તે પરીપુર્ણ પણ થતા નથી. આમ, આ સાહેદના ઉપરોકત પુરાવાને ધ્યાને લેતાં, ઉપર કરેલ ચર્ચા મુજબ સાહેદનો પુરાવો માનવાલાયક અને સ્વીકારવાપાત્ર નથી.

(૨૦) ફરીયાદપક્ષ તરફે ફરીયાદી કવિતાબેન પ્રવિણભાઈ પંચાલને આંક–૧૦૬ થી તપાસવામાં આવેલા છે, તેઓ મરણ જનાર ભુમીના માતૃશ્રી છે. તેઓના જણાવ્યા મુજબ તેમની દિકરીના લગ્ન આરોપી સાથે થયેલા અને જણાવેલ છે કે, કુણાલે તેમની દિકરી ભુમી પાસેથી પ્રોપર્ટીમાં રોકાણ કરવા માટે રૂા.૨૫,૦૦,૦૦૦/– માંગેલ હતા. ભુમીને તેના પતિ શારીરિક માનસિક ફાઈનાન્શીલ બાબતે હેરેશ કરતા અને ભુમીના આગળના લગ્ન બાબતે ખુબ જ ટોન્ટીગ કરતા હતા તેમજ ભુમી અને તેના પતિ બેંગકોક ગયેલા, ત્યાં ભુમીને કુણાલે ટોર્ચર કરેલ અને માર મારી આખી રાત રડાવેલ અને વધુમાં એવુ પણ જણાવેલ છે કે, ભુમીને આરોપીએ ઘરમાંથી કાઢી મુકેલ અને રૂા.૨૫,૦૦,૦૦૦/– લઈને આવે તો જ આવજે, તેમ જણાવતા તેમની દિકરીએ આત્મહત્યા કરેલી. તેઓની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસને ધ્યાને લેવામાં આવે તો તેમાં એવી હકીકત કબુલ રાખેલ છે કે, તેઓએ વ્યકિતગત જણાવેલ છે કે, તેમની દિકરી બેંગકોક ગયેલી ત્યારે તેમની સાથે અંકિતા પણ હતી અને બેંગકોકમાં કાંઈક થયુ હતુ, તે બાબતે તેમણે ફોન કરેલ હોય તેવી વાત તેમને યાદ નથી. તેઓએ એવી હકીકત પણ કબુલ રાખેલ છે કે, બનાવના દિવસે ભુમી મિતેષ સોનીને મળેલ, જેઓ એકબીજાના પરીચયમાં હતા અને તે સચીન ટાવરની નજીકમાં આવેલ કાફેમાં મળેલ હતા. તેઓએ એવી હકીકત પણ કબુલ રાખેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવના થોડા સમય પહેલાં મેં ભુમીને ફોન કરેલો અને પુછેલ કે, કેટલી વારમાં આવે છે, તો તેણીએ કહેલ કે, હું થોડીવારમાં આવુ છું. આ મુજબની વાતચીત ભુમી

જોડે બપોરના એક વાગ્યાની આસપાસ થયેલી. તેઓ એવી હકીકત પણ કબુલ રાખે છે કે, ભુમીના બર્થડે વખતે આરોપી ભુમી અને અંકિતા અને દિરુ થાઈલેન્ડ ગયેલા.

ઉપરોકત સાહેદના પુરાવાને ધ્યાને લેતાં, આ સાહેદ મરણજનારના માતૃશ્રી હોવાનું અને તેઓ ધ્વારા આક્ષેપિતા ગુનાની ફરીયાદ આપવામાં આવેલી હોવાનું જણાઈ આવે છે. અત્રે એ હકીકતની નોંધ લેવી જરૂરી છે કે, બનાવ બનવાનો સમય તા.૨૧/૦૧/૨૦૧૬ ના ક.૧૪:૩૯ નો ફરીયાદમાં જણાવે છે. જેની જાહેરાત તા.૨૪/૦૧/૨૦૧૬ ના ક.૨૩:૩૦ વાગ્યે પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી છે. આમ, ફરીયાદ બનાવ બન્યા પછી અંદાજે ૩ દિવસ પછી આપવામાં આવેલ છે. ઉપરોકત રજુ થયેલ મૌખિક પુરાવાને ધ્યાને લેતાં, ફરીયાદીએ તેમની આંક–૧૦૭ ની ફરીયાદમાં જે કથનો કરેલા છે તેને તેમની જુબાનીમાં સમર્થનકારી પુરાવો આપેલ છે. તેમની બચાવપક્ષે કરવામાં આવેલી ઉલટ તપાસને ધ્યાને લેતાં, જયારે એવી હકીકત નીકળી આવે છે કે, ભુમીના બર્થડે વખતે આરોપી સાથે બેંગકોક ફરવા ગયેલ, જયાં તેમની સાથે તેમના મિત્ર દિરુ અને અંકિતા પણ સાથે ગયેલ હતા. બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસને સમગ્ર રીતે ધ્યાને લેતાં જયારે બચાવપક્ષ ધ્વારા ફરીયાદીને સજેશન મુકવામાં આવેલ કે, ભુમીએ થાઈલેન્ડમાં તેના પતિ સાથે ખુબ જ એન્જોઈ કરેલો, તો તેવા સજેશનમાં ફરીયાદી ધ્વારા તેઓને તે બાબતની ખબર નથી. આ હકીકતને ધ્યાને લેતાં, જયારે ફરીયાદીની દિકરી ભુમી તેના પતિ સાથે લગ્ન બાદ ફરવા ગયેલ હોય અને ત્યારબાદ પણ વિવિધ સ્થળે ફરેલ હોય અને માત્ર એક–દોઢ માસનું લગ્ન જીવન હોય તો તેવા સંજોગોમાં જયારે બચાવપક્ષ ધ્વારા ફરીયાદીને તેમની દિકરીના મિતેષ સોની સાથેની બનાવના દિવસે કાફેમાં કે જે સચીન ટાવરની નજીક આવેલ છે, ત્યાં વાતચીત થયા હોવા બાબતની હકીકત સંબંધે ઉલટ તપાસ કરવામાં આવેલ છે અને તે વખતે મિતેષ સોનીના ઓળખીતા સંજનાબેન દવે સાથે મિતેષ સોની કેફેટેરીયામાં મળેલ હોય અને ભુમી

પાછળના ટેબલે બેસીને રાહ જોતી હોય અને રાહ જોવામાં પણ ખુબ જ અપસેટ થઈ ગયેલ હોવા બાબતનું સજેશન મુકેલ હોય, ફરીયાદીએ એ વાતની તેઓને ખબર નથી તેવી હકીકત જણાવેલી છે. આ ઉપરોકત ઉલટ તપાસ સંદર્ભે બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલી છે કે, ભુમીને તેમના મિત્ર મિતેષ સોની સાથે મિત્રતાના સંબંધો હોય અને તેઓ બન્ને કોફી હાઉસમાં મળેલ ત્યારે મિતેષ સોની સંજનાબેન દવે કે જેઓ સચિન ટાવરમાં રહે છે અને ઉપરોકત કોફી હાઉસ તેની નજીકમાં જ હોય, મિતેષ સોની સોની સાથે સંજનાબેન દવે વાતચીત કરતા હોય, ભુમી ધ્વારા આત્મહત્યા કરવા માટે જે સ્થળ પસંદ કરેલ છે તે સચિન ટાવર ''એચ'' બ્લોક છે, જયાં ઉપરોકત નામવાળા વ્યકિત સંજનાબેન દવે રહે છે, તે સ્થળ પસંદ કરવાનું કારણ શું હોય શકે ? તે સંબંધે એવી દલીલ કરેલ છે કે, મરણ જનાર ભુમીનું આત્મહત્યા કરવાનું કારણ આરોપી ધ્વારા તેણીને આપવામાં આવતો શારીરિક–માનસિક ત્રાસ કે દહેજની માંગણી નહીં પરંતુ બીજુ કોઈ કારણ હોય શકવાની સંભાવના નકારી શકાય તેમ નથી. વિ.વ.શ્રીની આ દલીલ સ્વીકારવાપાત્ર અને માનવાલાયક જણાય છે.

વધુમાં, ફરીયાદી ધ્વારા તેમની ઉલટ તપાસમાં એવી હકીકત જણાવતા હોય કે, બનાવના થોડા સમય પહેલા તેઓને ભુમી સાથે ફોન ઉપર વાતચીત થયેલ અને તે વખતે ભુમીએ કહેલ કે થોડીવારમાં આવુ છુ ત્યારબાદ ફરીથી ભુમી સાથે બપોરના ૧ વાગ્યે વાતચીત થયેલી. આ હકીકતને ધ્યાને લેતાં, આ વાતચીતમાં ભુમીએ તેમની માતૃશ્રીને આરોપીઓ ધ્વારા કોઈ ત્રાસ આપવામાં આવેલ હતો કે તેને આરોપી ધ્વારા પૈસાની માંગણી કરી, દહેજ માંગી કે તેને આત્મહત્યા કરવા માટે, આત્મહત્યા કરતા તરત પહેલાં તેવો કોઈ ત્રાસ આપેલ હોય કે દહેજની માંગણી કરેલ હોય, તેવી કોઈ જ હકીકત જણાવેલ નથી. આ તમામ સંજોગોમાં માત્ર મરણ જનારે આત્મહત્યા કરેલ છે, તેટલા કારણમાત્રથી જ તે આત્મહત્યા કરવા માટેનું દુષ્પ્રેરણ હાલના આરોપીએ આપેલ હોવાનું માની શકાય

નહીં અને આ સંબંધે આ હકીકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફે ઉપરોકત જણાવેલા મહત્વના સાહેદોના પુરાવાને ઘ્યાને લેતાં, એ હકીકત પુરવાર થતી નથી. વધુમાં, ઉપરોકત પુરાવાને અને ઉલટ તપાસને ઘ્યાને લેતાં, જયારે ફરીયાદી ઘ્વારા ત્રણ દિવસના વિલંબ બાદ ફરીયાદ આપવામાં આવેલ હોય અને અગાઉ કરેલ ચર્ચા મુજબ ફરીયાદીના પતિ અને ફરીયાદીની દિકરી દિશા ઘ્વારા આપવામાં આવેલ જુબાનીને સમગ્રરીતે સંયુકતમાં ઘ્યાને લેતા, ફરીયાદીની ફરીયાદમાં જણાવેલી હકીકતો વિશ્વાસપાત્ર જણાતી નથી.

**(૨૧) <u>સ્વતંત્ર સાહેદોનો પુરાવો :</u>**

આંક–૧૨૧ થી ફરીયાદપક્ષ તરફે સાહેદ મિતેષકુમાર જયેન્દ્રભાઈ સોનીને તપાસવામાં આવેલા છે. તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, બનાવના દોઢેક વર્ષ પહેલા ટાઈટેનીયમ સીટી સેન્ટરમાં પ્રોજેકટ મેનેજર તરીકે કામ કરતો હતો અને ગુજરનાર ભુમિ પણ નોકરી કરતી હતી ત્યારે એકબીજાનો સંપર્ક થયો અને મીઠાખળી ડિસ્ક આઈટીમાં ગયેલ ત્યારે પ્રથમ વખત ભુમી સાથે મુલાકાત થયેલી અને એકબીજાના ફોન નંબર લીધેલા અને અવાર નવાર નોકરીના કામે એકબીજાને ફોન કરતા અને રૂબરૂમાં પણ મળતા હતા. હું અને ભુમી વોટસએપ પર પણ ઘણી વાતચીત કરતા હતા. બનાવના દિવસે તેનો મને સાદો મેસેજ કર્યો તેમાં સુસાઈડ અને બે મોબાઈલ નંબર લખેલ હતા. મોબાઈલ નંબર આપ્યા તેમાં એક તેના માતાનો તથા એક કુણાલનો હતો. બનાવના દિવસે હું અને ભુમી સીસીડી કાફેમાં મળેલા હતા અને પ્રોજેકટ રીલેટેડ વાતચીત કરેલી. આ મુલાકાત બપોરના ૧૨:૦૦ થી ૧:૩૦ ની વચ્ચે થયેલી. મને ઉપર લખાવેલ મેસેજ ભુમીએ અમે મળ્યા તેના બાદ કરેલો હતો. ત્યારબાદ મેં એમની માતાને ફોન કર્યો અને ભુમીએ સચીન ટાવર ઉપરથી સુસાઈડ કરેલ છે તેવુ જણાવેલું. બાદ સચીન ટાવર ગયેલો અને સિકયુરીટીવાળાને પુછેલુ કે બનાવ બનેલ છે તો તેણે હા પાડેલી. બનાવ બન્યા બાદ સંજનાબેન સાથે કોઈ વાતચીત થઈ હોય તો તે મને યાદ નથી.

આ સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ ન હોય, તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષ તેમની ઉલટ તપાસ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતોને નકારી કાઢેલ છે.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલી તેમની ઉલટ તપાસમાં તેઓ એવી હકીકત કબુલ રાખે છે કે, એ વાત ખરી છે કે, અમે અને ભુમી જે સીસીડી કાફેમાં ગયેલા તે ઘનંજય ટાવરમાં આવેલું છે અને કોફી પીવા બહારના ભાગે બેસેલા. એ વાત ખરી છે કે, હું અને ભુમી અડધો કલાક બેસેલા ત્યારબાદ હું મારી ઓફિસ ગયેલો અને ભુમી ત્યાં જ બેસેલ અને કહેલ કે તું તારી મીટીંગ પતાવીને આવ, ત્યાં સુધી હું અહીં બેઠી છું. એ વાત ખરી છે કે, ચાલુ મીટીંગે ભુમીનો ફોન આવેલો ત્યારબાદ ફરીથી ફોન આવેલ અને ૧૫ મિનીટમાં આવુ છુ તેવુ કહેલ. તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, હું સંજનાબેનને બનાવ પહેલાના આશરે કેટલા સમય પહેલેથી ઓળખતો હતો તે હાલ મને યાદ નથી. હવે જણાવુ છું કે, હું સંજનાબેનને ઓળખતો નથી. તેઓએ સંજનાબેન સચિન ટાવરમાં રહેતા હોવાનું જાણતા હોવાની હકીકત નકારી કાઢેલ છે અને બનાવના દિવસે સંજનાબેનને મળવાનું થયેલ હોવાની હકીકતને પણ નકારી કાઢેલ છે તેમજ ભુમી સાથે તેમની મુલાકાત થઈ તે દિવસે સીસીડી કાફેમાં સંજનાબેન પણ હતા એ હકીકત તેમને યાદ નથી તેવુ જણાવેલ છે. એ વાત ખરી છે કે, ભુમી અને મારે તેના લગ્ન જીવન બાબતે કોઈ વાતચીત થયેલ નથી કે ભુમીએ આવી કોઈ વાતચીત મારી સાથે શેર કરેલ નથી. તેઓએ ઉલટ તપાસમાં એવુ જણાવેલ છે કે, મને એ વાત યાદ નથી કે, સંજનાબેન જયારે સીસીડી કાફેમાં બેન્જામીન આબ્રાહમ સાથે વાત કરતા હતા ત્યારે હું ભુમીને મુકીને સંજનાબેનના ટેબલ ઉપર જઈને ત્યાં બેસેલો. એ વાત ખરી નથી કે, હું સંજનાબેનના ટેબલ ઉપર આ રીતે ગયેલો ત્યારે ભુમી ખુબ જ ગુસ્સે થયેલી અને નારાજ થયેલી અને અમારી સાથે વાતચીતમાં ઘર્ષણ થયેલ હોય, તેણીને લાગી

આવતા સંજનાબેનના રહેઠાંણ સચીન ટાવરમાં હોવાનું ખબર પડતા ત્યાં જઈને આત્મહત્યા કરેલી.

ઉપરોકત હકીકતને ઘ્યાને લેતા, આ સાહેદ સ્વતંત્ર સાહેદ છે, જેઓને ભુમી સાથે તેણીના લગ્ન જીવન બાબતે કોઈ વાતચીત થયેલ નથી કે ભુમીએ આવી કોઈ જ વાતચીત તેમની સાથે શેર કરેલ નથી તેવી હકીકત જણાઈ આવે છે. વધુમાં, આ સાહેદ તેમની સરતપાસમાં તેવી હકીકત જણાવે છે કે, ભુમી સાથે તેઓ બનાવના દિવસે બપોરના બાર થી દોઢથી વચ્ચે મળેલા અને સીસીડી કાફેમાં ભેગા થયેલા. વધુમાં, તેમના જણાવ્યા મુજબ બનાવ બન્યા બાદ સંજનાબેન જોડે તેમને કોઈ વાતચીત થઈ હોય તો તેઓને યાદ નથી. આ હકીકત સંબંધે તેમની ઉલટ તપાસ ઘ્યાને લેવામાં આવે તો સૌપ્રથમ તેમાં તેઓ એવી હકીકત જણાવે છે કે, તેઓ સંજનાબેનને બનાવ પહેલાના કેટલા સમય પહેલેથી ઓળખતા હતા તે તેઓને હાલ યાદ નથી. ત્યારપછી તેઓ એવી હકીકત જણાવે છે કે, તેઓ સંજનાબેનને ઓળખતા જ નથી. આ હકીકતને ઘ્યાને લેવામાં આવે તો ઉપરોકત સાહેદની ઉપરોકત હકીકતો પરસ્પર વિરોધાભાષી હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. તેઓ તેમની સરતપાસમાં બનાવ બન્યા બાદ સંજનાબેન સાથે કોઈ વાતચીત થઈ હોય તો તે તેને યાદ નથી તેવુ જણાવે છે, સાથોસાથ તેઓ સંજનાબેનને અગાઉ કેટલા સમય પહેલાથી ઓળખે છે તે હકીકત તેમને યાદ નથી તેવુ જણાવતા હોય, આ સાહેદ સંજનાબેનને અગાઉથી ઓળખતા હોવાનું નહીં માનવાને કોઈ જ કારણ રહેતુ નથી. તેમછતાં આ સાહેદ સંજનાબેનને ઓળખતા નથી તેવી હકીકત શા માટે જણાવે છે ? તે હકીકત સંબંધે બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલી દલીલને ઘ્યાને લેતાં, તેમજ તેમના ધ્વારા આ સાહેદને ઉલટ તપાસમાં કરવામાં આવેલ સજેશન્સ ઘ્યાને લેતાં, સીસીડી કાફેમાં ભુમી અને હાલના સાહેદ સાથે બેઠા હોય તે જ વખતે સંજનાબેન પણ સીસીડી કાફેમાં હોય અને તેણી અન્ય એક વ્યકિત

બેંન્જામીન આબ્રાહમ સાથે વાતચીત કરતા હોય, હાલના સાહેદ તેમની પાસે જતા ભુમી સાથે તે સંબંધે ઘર્ષણ થતા ભુમીએ લાગી આવતા સંજનાબેન જે જગ્યાએ રહે છે તે સચિન ટાવરની પસંદગી કરી તેના ઉપરથી ઝંપલાવી આત્મહત્યા કરેલ છે તેવી દલીલ નહીં માનવાને કોઈ જ કારણ રહેતું નથી.

બચાવપક્ષ તરફેના વિ.વ.શ્રીની ઉપરોકત દલીલ સ્વીકારવા માટેનું વધુ એક કારણ એ પણ છે કે, આ કામે ગુનાની તપાસ કરનાર પોલીસ અધિકારી યુવરાજસિંહ જાડેજા તેઓની આંક–૧૨૭ ની સોગંદ ઉપરની જુબાનીમાં બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં તેવી હકીકત કબુલ રાખે છે કે, તેઓએ તપાસ દરમ્યાન સી.સી.ટી.વી. ફુટેજ મેળવેલા અને તપાસમાં એવુ જાણવા મળેલ કે, બનાવના દિવસે મરણ જનાર અને મિતેષ સોની સી.સી.ડી. કાફેમાં મળેલા અને ભુમી સચિન ટાવરે પહોંચી તેના થોડા સમય પહેલાં જ આ બન્ને જણા મળેલા તેમજ સંજનાબેન નામની વ્યકિત સચિન ટાવરના બી બ્લોકમાં વસવાટ કરતા હતા તેમજ સંજનાબેન સીસીડી કાફેમાં બનાવના દિવસે બપોરના દોઢ વાગ્યે હાજર હતા અને ભુમી પણ હાજર હતી. તેઓએ એવી હકીકત પણ કબુલ રાખેલ છે કે, એ વાત ખરી છે કે, સંજનાબેન અને મિતેષ સોની એકબીજાના પરીચીત હોવાનું તપાસમાં જાણવા મળેલ. તે વાત ખરી છે કે, સંજનાબેન જયારે સીસીડીમાં હાજર હતા ત્યારે મિતેષ સોનીએ ભુમીને સીગારેટનું પેકેટ પણ આપેલું. એ વાત ખરી છે કે, ભુમી સીસીડી કાફેમાં બેઠી હતી ત્યારે કોઈની સાથે ફોન ઉપર વાત કરતી હતી. એ વાત ખરી છે કે, આ વિગત મને સંજનાબેનના પુછપરછ માંથી જાણવા મળેલી. એ વાત ખરી છે કે, બનાવના દિવસે બનાવના સ્થળે સંજનાબેન અને મિતેષ સોની એકબીજાને મળેલા.

ઉપરોકત હકીકતને ધ્યાને લેતાં, એ હકીકત પુરવાર થાય છે કે, બનાવના દિવસે એક થી દોઢની આસપાસ સીસીડી કાફે ધનંજય ટાવરમાં મરણ જનાર ભુમી તથા હાલના સાહેદ મિતેષ સોની તથા સંજનાબેન દવે પણ ત્યાં હાજર હતા.

એ હકીકત પણ પુરવાર થાય છે કે, તે વખતે હાલના સાહેદ સંજનાબેન સાથે વાતચીત કરતા હતા અને મિતેષ સોની અને સંજનાબેન એકબીજાને મળેલા અને અગાઉથી જ તેઓ એકબીજાને ઓળખતા હતા. એ હકીકત પણ પુરવાર થાય છે કે, સંજનાબેન સચિન ટાવરમાં બનાવના સમયે વસવાટ કરતા હતા. આ તમામ વિગતોને એકસાથે ધ્યાને લેતાં, એ હકીકત પુરવાર થાય છે કે, ફરીયાદપક્ષના હાલના સાહેદ મિતેષ સોની ઉપરોકત તમામ હકીકતો જાણતા હોવાછતાં કોઈ અગમ્ય કારણોસર તેઓએ એવી હકીકત જણાવેલી છે કે, તેઓ સંજનાબેનને ઓળખતા નથી કે બનાવના દિવસે તેમને મળેલા. આ સાહેદની આ વર્તણૂંક શંકા ઉપજાવે છે અને તે સંજોગોમાં સમગ્ર હકીકતોને ધ્યાને લેતાં, બચાવપક્ષ તરફે કરવામાં આવેલી દલીલ જેવી કે, ભુમીની આત્મહત્યા માટેનું કારણ તેણીને આરોપીઓ તરફથી આપવામાં આવતો શારીરિક કે માનસિક ત્રાસ કે દહેજની માંગણી નહીં પરંતુ ઉપરોકત સાહેદ મિતેષ સોની સાથેની સંજનાબેનની મુલાકાત અને તેમની અગાઉની ઓળખાણના કારણસર ભુમીને લાગી આવતા તેણીએ આત્મહત્યા કરેલ છે તે દલીલ હાલના તબકકે સ્વીકારવાપાત્ર અને માનવાલાયક જણાય છે. વધુમાં, જયારે મરણ જનારે આત્મહત્યા કરવા માટેનું સ્થળ પસંદ કરેલ છે તે પણ સંજનાબેન જે જગ્યાએ રહે છે તે સચીન ટાવર વાળુ સ્થળ છે. વધુમાં ફરીયાદપક્ષના હાલના સાહેદ મિતેષ સોનીના મૌખિક પુરાવાને ધ્યાને લેતાં, બનાવના દિવસે તેઓ સીસીડી કાફેમાંથી છુટા પડયા બાદ ભુમીએ તેઓને સાદો મેસેજ કરી સુસાઈડ અને બે મોબાઈલ નંબર લખીને મોકલેલ, જેમાં ભુમીના માતૃશ્રી અને ભુમીના પતિ આરોપી કુણાલના નંબરો હતા. આ તબકકે મને જો ફરીયાદપક્ષના કેસની હકીકતને ધ્યાને લેવામાં આવે તો તેમના જણાવ્યા મુજબ જો ભુમીને આરોપી તરફથી દુ:ખ, ત્રાસ હોત કે દહેજની માંગણી સં બંધેનો ત્રાસ હોત તો તેણીએ આત્મહત્યા કરતા પહેલા આ તમામ હકીકતો સંબંધેની વિગતો તેણીના માતા–પિતાને ફોન કરીને ચોકકસ જણાવેલ હોત અથવા તો જો

તેણી ધ્વારા તેણીના મિત્ર મિતેષ સોનીને ટેકસ મેસેજ કરીને સુસાઈડ લખેલી વિગતો મોકલવામાં આવેલી હોય, તો તેણી ચોકકસપણે આ વિગતો તેણીના માતાપિતાને જણાવી શકેલ હોત. આમ, આ સમગ્ર હકીકતોને ધ્યાને લેતાં, ફરીયાદપક્ષના કથન મુજબના ગુનાહીત કૃત્યો આરોપીએ કરેલ હોય તેવુ વ્યાજબી શંકાથી પર પુરવાર થતુ નથી.

(૨૨) <u>તપાસ કરનાર પોલીસ અમલદારનો પુરાવો :</u>

ફરીયાદપક્ષ તરફે આંક–૧૨૭ થી યુવરાજસિંહ જાડેજાને તપાસવામાં આવેલા છે, જેઓએ આક્ષેપિત બનાવ સંબંધે અકસ્માત, મોત દાખલ થતાં તપાસ સંભાળેલ અને વિવિધ પંચનામા કરેલ તેમજ જરૂરી દસ્તાવેજો તપાસના કામે કબ્જે લઈ ગુનાની તપાસ કરેલ. તેઓની બચાવપક્ષ તરફે કરવામાં આવેલી ઉલટ તપાસમાં તેઓએ એવી હકીકત કબુલ રાખેલ છે કે, એ વાત ખરી છે કે, ગુજરનાર અને મિતેષ સોની સંપર્કમાં આવ્યા ત્યારથી વોટસએપ ચેટ સામેલ રાખેલ નથી. એ વાત ખરી છે કે, મરણજનારના કાકા સુરેશભાઈ પંચાલના ઘરે તા.૦૧/૦૧/૨૦૧૬ ના સાંજના સમયે સત્યનારાયણની કથા રાખેલી, જેમાં ભુમી અને કુણાલને આમંત્રણ આપેલ અને તેમાં તેઓ કેમ હાજર રહેલ ન હતા તેના જવાબમાં ભુમીએ જણાવેલ કે, કુણાલ નોકરીએ થી રાત્રીના દસ વાગ્યે છુટે છે તેથી આવી શકાયેલ નહીં.

આ હકીકતને ધ્યાને લેતાં, એ હકીકત પુરવાર થાય છે કે, આરોપી કુણાલ સાથે ભુમીને કોઈ મનદુ:ખ ન હતુ, અન્યથા તેણીએ તે સંબંધેની વાતચીત તેણીના કાકાને ચોકકસપણે કરેલ હોત. આમ, દુ:ખ, ત્રાસ અંગેની હકીકત માનવાલાયક અને સ્વીકારવાપાત્ર જણાતી નથી.

આ સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલી ઉલટ તપાસને ધ્યાને લેતાં, તેમાં તેઓ એવી હકીકત જણાવે છે કે, ભુમી, કુણાલ, દિરુ અને અંકિતા પતાયાથી સાથે આવેલા. આ બધાયે સાથે આલ્કોહોલનું સેવન કરેલુ. અંકિતાની

પુછપરછમાં તેઓ બધાયે બેંગકોક પતાયામાં ખુબ મજા કરેલી તેવુ જણાવેલુ. તેઓ એવી હકીકત પણ સ્પષ્ટપણે કબુલ રાખે છે કે, એ વાત ખરી છે કે, મારી તપાસ દરમ્યાન લાગતા વળગતાના મોબાઈલ ફોન અને તેમાં થયેલ ચેટસને તપાસતા તેમાં થી ક્રુણાલે ભુમી પાસેથી રૂા.૨૫,૦૦,૦૦૦/– ની માંગણી કરેલ હોય તેવી કોઈ હકીકત નીકળી આવેલ નથી. તેઓએ એવી હકીકત પણ કબુલ રાખેલ છે કે, સાહેદ મિતેષ સોનીએ તેમની રૂબરૂના નિવેદનમાં બનાવના સમયે તેઓ ભુમી સાથે મળેલા અને હોટલમાં ગયેલા અને તેઓએ મળવા માટેનું સ્થળ નકકી કરેલ, ત્યારબાદ બપોરના દોઢેક વાગ્યે ફોન આવેલ. તેઓએ એવી હકીકત પણ કબુલ રાખેલ છે કે, એ વાત ખરી છે કે, સાહેદ મિતેષ સોનીએ મારી રૂબરૂના તા.૨૨/૦૧/૨૦૧૬ ના રોજના નિવેદનમાં એવી હકીકત લખાવેલી કે, ''ક્રુણાલને ફોન કરી મેં જણાવેલ કે, ભુમીએ ખોટુ સ્ટેપ ભરેલ છે તુ જલ્દી અહીં આવી જા, જેથી ક્રુણાલનો ફોન ચાલુ હોય, મેં જણાવેલ કે શી ઈઝ ડેડ તો ક્રુણાલે કહેલ કે આર યુ સીરીયસ ?.''

ઉપરોકત હકીકતોને ઘ્યાને લેતાં, અગાઉ કરેલ ચર્ચા મુજબ મરણ જનાર ના આત્મહત્યાના તરત પહેલા તેણીને આરોપી તરફથી ફરીયાદપક્ષના કથન મુજબનો દુ:ખ, ત્રાસ હોવાનું તેમજ દહેજની માંગણી કરેલ હોવા સંબંધેની કોઈ જ હકીકત જણાઈ આવતી નથી અને આવી હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલા છે.

**(૨૩)** ફરીયાદપક્ષ તરફે સાહેદ પૃથ્વીરાજસિંહ જાડેજાને આંક–૧૩૨ થી તપાસવામાં આવેલા છે, તેઓએ એવી હકીકત જણાવેલી છે કે, તેમણે જરૂરી પંચનામા કરી સાહેદોના નિવેદન લીધેલા. તેઓની બચાવપક્ષ તરફે કરવામાં આવેલી ઉલટ તપાસમાં એવી હકીકત કબુલ રાખેલ છે કે, આંક–૭૩ ના પંચનામામાં પ્રિન્ટ આઉટ અમે જાતે કાઢેલી છે તેવો કોઈ ઉલ્લેખ કરેલો નથી. તેઓએ એવી હકીકત કબુલ રાખેલ છે કે, સીસીડી કાફેમાં મિતેષ સોનીના મિત્ર સંજનાબેન બનાવના દિવસે હાજર હતા અને બનાવના દિવસે સીસીડી કાફેમાં ભુમીબેન અને સંજનાબેન

વચ્ચે વાતચીત થયેલી. એ વાત ખરી છે કે, ભુમીબેન સચીન ટાવર બનાવના દિવસે પહોંચ્યા તેની થોડીવાર પહેલા ભુમી અને સંજનાબેન વચ્ચે ઉપરોકત વાતચીત થયેલી. આ સી.સી.ટી.વી. ફુટેજ પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલા નથી. એ વાત ખરી છે કે, જે પ્રિન્ટ આઉટ મેળવેલા તેમાં કૃણાલે ભુમી પાસેથી રૂા.૨૫,૦૦,૦૦૦/– બાબતે માંગણી થઈ હોય કે તે રકમ સંબંધે ચર્ચા થઈ હોય તેવો કોઈ ઉલ્લેખ તેમાં નથી.

**(૨૪)** ફરીયાદપક્ષ તરફે આંક–૧૩૫ થી પોલીસ સાહેદ પ્રભાતસિંહ ભવાનસિંહ રણાને તપાસવામાં આવેલા છે, તેઓએ તેમણે કહેલી કામગીરી બાબતે જુબાની આપેલ છે. બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં તેઓ એવી હકીકત કબુલ રાખે છે કે, તપાસની કામગીરી દરમ્યાન પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) (૪) અન્વયેની કોઈ કામગીરી કરેલ નથી. એ વાત ખરી છે કે, ભુમી અને મિતેષ સોની વચ્ચેનું તમામ વોટસએપ ચેટ ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી. તેઓ એવી હકીકત પણ કબુલ રાખેલ છે કે, એ વાત ખરી છે કે, મિતેષ સોનીના મારા રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, ''તેમજ તા.૨૧/૦૧/૨૦૧૬ ના રોજ સાંજના સમયે આશરે ૭:૦૦ વાગ્યાના સુમારે સંજનાબેન દવે કે જેઓ એડવોકેટ તથા વેબસાઈટના ફોટોબ્લોગીંગનું કામ કરે છે, તેઓને હું મારા કામકાજ અર્થે પહેલેથી જ ઓળખુ છું. તેઓની સાથે મારે આજથી આશરે અઢી–ત્રણ માસ પહેલા ધનંજય ટાવરની પાસે આવેલ ચોકલેટરૂમ ની કેફેટેરીયામાં કામકાજ અર્થે મીટીંગ થયેલી, ત્યારબાદ સંજનાબેન અને અમારી વચ્ચે સોફટવેર ડેવલેપમેન્ટને લગતી વાતચીત થતી હતી. તા.૨૧/૦૧/૨૦૧૬ ના રોજ બનાવ બન્યા બાદ સાંજના સમયે હું સચીન ટાવર પાસે ઉભો હતો ત્યારે સંજનાબેને અમોને જોયેલા અને મારી પાસે આવીને પુછેલ કે, તું કેમ અહીં આવેલો છે ? એ વાત ખરી છે કે, કૃણાલે ભુમીને મારેલ હોય તેવી કોઈ જ વાત ભુમીએ તેને કરેલ નથી.

**(૨૪.૧)** આ કામે રજુ થયેલ પુરાવો તેમજ પક્ષકારો તરફેની રજુઆત અને આક્ષેપિત ગુનાના કાનુની પ્રબંધો સંબંધે જયારે ફરીયાદપક્ષનો કેસ આઈ.પી.સી. કલમ–૩૦૬ અને ૩૦૪–બી હેઠળનો હોય, આ તબકકે અત્રેની અદાલતે નામદાર સર્વોચ્ચ અદાલતનો **Amalendu Pal @ Jhantu Versus State Of West Bengal 2009 (0) AIJEL-SC 47699,** ચુકાદો ધ્યાને લીધેલ છે જેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું પ્રસ્થાપિત કરેલ છે કે :

> "15. Thus, this Court has consistently taken the view that before holding an accused guilty of an offence under Section 306 IPC, the Court must scrupulously examine the facts and circumstances of the case and also assess the evidence adduced before it in order to find out whether the cruelty and harassment meted out to the victim had left the victim with no other alternative but to put an end to her life. It is also to be borne in mind that in cases of alleged abetment of suicide there must be proof of direct or indirect acts of incitement to the commission of suicide. Merely on the allegation of harassment without their being any positive action proximate to the time of occurrence on the part of the accused which led or compelled the person to commit suicide, conviction in terms of Section 306 IPC is not sustainable.
>
> 16. In order to bring a case within the purview of Section 306 of IPC there must be a case of suicide and in the commission of the said offense, the person who is said to have abetted the commission of suicide must have played an active role by an act of instigation or by doing certain act to facilitate the commission of suicide. Therefore, the act of abetment by the person charged with the said offense must be proved and established by the prosecution before he could be convicted under Section 306 IPC.
>
> 17. The expression `abetment' has been defined under Section 107 IPC which we have already extracted above. A person is said to abet the

> commission of suicide when a person instigates any person to do that thing as stated in clause firstly or to do anything as stated in clauses secondly or thirdly of Section 107 IPC. Section 109 IPC provides that if the act abetted is committed pursuant to and in consequence of abetment then the offender is to be punished with the punishment provided for the original offense."

**(૨૪.૨)** વધુમાં જયારે ફરીયાદપક્ષના કથન મુજબ આરોપીઓ સામે આઈ.પી.સી.કલમ–૪૯૮(ક) મુજબના ગુન્હાનું તહોમત પણ ફરમાવેલ હોય, આ સંબંધેનો નામદાર ગુજરાત હાઈકોર્ટનો **Indrasing M. Raol v/s State of Gujarat 1999(3) GLR 2536** ના ચુકાદામાં એવુ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે,

> "7. The word "harassment" is not defined in Sec. 498-A. The meaning of the word "harass" which can be found from the dictionary is to subject some one to unbearable, continuous or repeated or persistent unprovoked vexatious attacks, questions, demands, or persecutions, or brutality, or tyranny, or harm, or pain, or affliction, or other unpleasantness, or grave annoyance, or troubles. In short what can be said is that Sec. 498-A will not come into play in every case of harassment and/or cruelty. Reasonable nexus between cruelty and suicide must be established. It should, therefore, be shown that the incessant harassment or cruelty was with a view to force the wife to end her life or fulfill illegal demands of her husband or in-laws, and was not matrimonial cruelty, namely usual wear and tear of matrimonial life. It should hardly be stated that the prosecution has to establish the charge beyond reasonable doubt. No doubt arithmetical accuracy is not expected from the prosecution, but it has to adduce such evidence which would be credible leaving no room to any reasonable doubt; and pointing to the guilt of the accused."

**(૨૫)** ઉપરોકત પ્રસ્થાપિત સિધ્ધાંતોને ઘ્યાને લેતાં, બચાવપક્ષ તરફે વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, તપાસ કરનાર અમલદારશ્રીએ સીસીડી કાફેના સી.સી.ટી.વી. ફુટેજ કબ્જે કરેલ હોવાછતાં નામદાર કોર્ટમાં રજુ કરેલ નથી. જેથી તેમની વિરુધ્ધ વિપરીત અનુમાન બાંધવું જોઈએ. આ હકીકત સંબંધે ફરીયાદપક્ષ તરફે જયારે એવી હકીકત રજુ કરવામાં આવેલ હોય કે મરણજનારને આરોપીઓ તરફથી આક્ષેપિત દુ:ખ, ત્રાસ હતો અને દહેજની માં ગણી કરવામાં આવતી હતી તો તેવા સંજોગોમાં જયારે બચાવપક્ષ ઘ્વારા તેવો બચાવ લેવામાં આવેલ હોય કે, ફરીયાદપક્ષ ઘ્વારા બનાવ સમયે ભોગ બનનાર/મરણ જનાર ભુમીને સચીન ટાવર પાસે આવેલ સીસીડી કાફે માં તરત પહેલાના સમયે હાજર હતા અને તેઓ સાથે તેમના મિત્ર મિતેષ સોની તથા સંજનાબેન હાજર હતા અને તેઓ વચ્ચે વાતચીત થયેલ હતી તો આ તમામ હકીકતો રેકર્ડ ઉપર લાવવી જરૂરી હોવાછતાં તપાસ કરનાર અમલદારશ્રી ઘ્વારા સીસીડી કાફેના સી.સી.ટી.વી. ફુટેજ તથા અન્ય સી.સી.ટી.વી. ફુટેજો અત્રેની અદાલત સમક્ષ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી)(૪) ના પ્રમાણપત્ર સાથે રજુ કરેલ હોત તો ખરેખર મરણ જનાર ઘ્વારા તેમની આત્મહત્યા પાછળ હાલના આરોપીઓ અથવા તો અન્ય કોઈ વ્યકિત જવાબદાર હોય તો તે હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ હોત. પરંતુ આ તમામ સી.સી.ટી.વી. ફુટેજ ત.ક.અમલદારશ્રી પાસે ઉપલબ્ધ હોવાછતાં ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ તેને મેળવીને અત્રેની અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલા નથી. આ હકીકતને ઘ્યાને લેતાં, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૪(જી) મુજબ ફરીયાદપક્ષની વિરુધ્ધમાં એવુ વિપરીત અનુમાન બાંધી શકાય કે, જો આ સી.સી.ટી.વી. ફુટેજ અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલા હોત તો તેમાં ફરીયાદપક્ષના આક્ષેપિત કથનોથી વિરુધ્ધની હકીકતો ઉજાગર થઈ શકી હોત. આમ, આ સી.સી.ટી.વી. ફુટેજ જયારે રજુ કરવામાં આવેલ ન હોય જે આ કામે અત્યંત મહત્વનો પુરાવો હોય અને જયારે ફરીયાદપક્ષનો

બચાવ એવો હોય કે, મરણ જનારને આરોપીઓ તરફથી ત્રાસ ન હતો પરંતુ તે સિવાયના બીજા કોઈ અગમ્ય કારણસર જેવા કે, મરણ જનારના મિત્ર મિતેષ સોની અને સંજનાબેનના સંબંધોના કારણસર ભોગ બનનારે આત્મહત્યા કરેલ છે, તો તેવા સંજોગોમાં ફરીયાદપક્ષની એ ફરજ બની રહે છે કે, તેમની પાસે ઉપલબ્ધ હોય તેવો તમામ પુરાવો તેઓએ અદાલત સમક્ષ રજુ કરવો જોઈએ અને જો આવો બેસ્ટ એવીડન્સ તેઓ રજુ કરે નહીં તો તેમની વિરુધ્ધ માં વિપરીત અનુમાન ચોકકસપણે બાંધી શકાય.

(૨૬) આ કામે બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલા નથી, જેથી ફરીયાદપક્ષનો કેસ પુરવાર થયેલો ગણાય નહીં. આ કામે તપાસ કરનાર અમલદારશ્રીની સોગંદ ઉપરની જુબાનીને ઘ્યાને લેવામાં આવે તો તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ હોવાનું જણાવેલ છે. આ કામે રજુ થયેલ સમગ્ર પુરાવાને ઘ્યાને લેવામાં આવે તો, મરણ જનાર ભુમી અને તેના પતિ આરોપી કુણાલ તેમના મિત્ર દિરુ અને અંકિતા સાથે બેંગકોક ફરવા માટે સાથે ગયેલા. આ હકીકત સંબંધે બચાવપક્ષ તરફેના વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે, બેંગકોકમાં ભોગ બનનાર સાથે કોઈ જ મારકુટ થયેલ નથી અને તેઓએ ખુબ જ એન્જોય કરેલ હોવાછતાં ખોટી રીતે ખોટો કેસ ઉભો કરેલ છે. આ હકીકત સંબંધે રજુ થયેલ સમગ્ર પુરાવાને ઘ્યાને લેતાં, જયારે એ હકીકત નિર્વિવાદીત હોય કે, મરણ જનારનો જન્મ દિવસ હોય, આરોપી અને મરણ જનાર તથા તેમના અન્ય બે મિત્રો દિરુ અને અંકિતા સાથે થાઈલેન્ડ ગયેલ હોય, તો તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ જે કથન લઈને આગળ આવેલ છે તે હકીકત પુરવાર કરવા માટે તેઓએ તેમની પાસે ઉપલબ્ધ તમામ પુરાવો રજુ કરવો જોઈએ, જે આ કામે મહત્વના કહી શકાય તેવા સ્વતંત્ર સાહેદનો પુરાવો રજુ થયેલ નથી અને જયારે બનાવ બન્યા બાદ તરત જ ફરીયાદ આપવામાં આવેલ ન હોય અને જે આક્ષેપો કરવામાં આવેલા છે તે હકીકત સંબંધે રજુ થયેલ સમગ્ર પુરાવો

ઉપર કરેલ ચર્ચા મુજબ માનવાલાયક અને સ્વીકારવાપાત્ર ન હોય તેમજ મહત્વની હકીકતોમાં વિરોધાભાષ હોય, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ જયારે ફરીયાદપક્ષના કેસમાં વ્યાજબી શંકા ઉત્પન્ન થાય તો શંકાનો લાભ આરોપીને આપવો જોઈએ.

**(૨૭)** ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એચ.બી. પટેલ ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ફરીયાદપક્ષના તમામ મહત્વના સાહેદો ધ્વારા ફરીયાદપક્ષના કેસને સંપુર્ણપણે સમર્થન આપેલ છે અને રજુ થયેલ તમામ પંચનામાથી બનાવવાળુ સ્થળ તથા મરણ જનારનું મૃત્યુ વિગેરે હકીકતો પુરવાર થાય છે. તેઓશ્રીએ એવી પણ રજુઆત કરેલ છે કે, આક્ષેપિત ગુનો જયારે આઈ.પી.સી.કલમ–૩૦૬ તથા ૩૦૪–બી અન્વયેનો હોય, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૩(એ) અને ૧૧૩(બી) મુજબનું કાનુની અનુમાન આરોપીની વિરુધ્ધમાં કરવાનું રહે છે અને આરોપી નિર્દોષ છે તે પુરવાર કરવા માટેનો જરૂરી પુરાવો આરોપીએ આપવાનો હોય, તે આપવામાં આવેલ નથી. જેથી ફરીયાદપક્ષનો કેસ પુરવાર થયેલ છે તેમ માનવું જોઈએ. વિ.એ.પી.પી.શ્રીએ તેમની દલીલના સમર્થનમાં નામદાર સર્વોચ્ચ અદાલતનો વિરેન્દરપાલ ઉર્ફે વિપીન વિરુધ્ધ સ્ટેટ ઓફ હરીયાણા, ક્રિમીનલ અપીલ નં.૩૭૨/૨૦૧૫ ના ચુકાદાનો આધાર લીધેલ છે. અત્રેની અદાલતે ઉપરોકત ચુકાદો માનસહ વંચાણે લીધેલ છે. રજુ થયેલ ચુકાદાની હકીકતો મુજબ પતિ–પત્નીના લગનો વખતે દહેજની આપ–લે થયેલ હોવાનો અને ત્યારબાદ પણ દહેજની માંગણી સાસરી પક્ષ તરફથી કરવામાં આવતી હોવા અંગેનો પુરાવો રજુ થયેલ હોય, જે–તે કેસમાં ફરીયાદપક્ષનો કેસ સ્વીકારવામાં આવેલ. જયારે હાલના કેસમાં મરણ જનારના લગ્ન આરોપી નં.૧ સાથે થયેલા તે વખતે તેમને દહેજ બાબતે કોઈ જ લેવડ–દેવડ થયેલ હોવાનો ફરીયાદપક્ષનો કેસ નથી. વધુમાં, રજુ થયેલા પુરાવાથી દહેજની માંગણી થયેલ હોય

તેવુ પણ પુરવાર થતુ નથી. આમ, રજુ થયેલ ચુકાદાની હકીકતો અને હાથ ઉપરના કેસની હકીકતો સંપુર્ણપણે અલગ હોય તે હાલના કેસમાં લાગુ પડે તેમ નથી.

(૨૮) વધુમાં, આ કામે બચાવપક્ષ તરફે તેમની દલીલના સમર્થનમાં વિવિધ અદાલતી ચુકાદાઓનો આધાર લીધેલ છે. અત્રેની અદાલતે તમામ ચુકાદાઓ માનસહ વંચાણે લીધેલ છે અને તેમાં પ્રસ્થાપિત કરવામાં આવેલા સિધ્ધાંતોને ઘ્યાને લેવામાં આવેલ છે. આ કામે જયારે આક્ષેપિત ગુનાઓ સંબંધે ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ આરોપીઓની વિરુધ્ધમાં કાનુની અનુમાન ઉત્પન્ન થતુ હોય, આ સંબંધે પ્રસ્થાપિત સિધ્ધાંતોને ઘ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષના શીરે રહેલી હોય છે અને ફરીયાદપક્ષે પ્રાથમિક અને મુળભુત પુરાવો રજુ કરવામાં આવે અને તેનાથી તેમનો કેસ પુરવાર થતો હોય તો જ તેવા કિસ્સામાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૩(એ) અને ૧૧૩(બી) અન્વયેનું અનુમાન કરવાનું રહે છે અને માત્ર અનુમાનના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં, સિવાય કે, ફરીયાદપક્ષ ઘ્વારા તેમના કેસ સંબંધે માનવાલાયક અને સ્વીકારવાપાત્ર પુરાવો રજુ કરવામાં આવે. આ સંબંધે બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી ઘ્વારા તેમની દલીલના સમર્થનમાં નામદાર સર્વોચ્ચ અદાલતનો નરેશકુમાર વિરુધ્ધ સ્ટેટ ઓફ હરીયાણા ૨૦૨૪(૩), એસ.સી.સી. ૫૭૩ નો આધાર લીધેલ છે જેને વંચાણે લેતાં, તેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવુ ઠરાવેલ છે કે,

> "29. What is important to note is that the term 'the Court may presume having regard to all other circumstances of the case that such suicide had been abetted by her husband' would indicate that the presumption is discretionary, unlike the presumption under Section 113B of the Evidence Act, which is mandatory. Therefore, before the presumption under Section 113A is raised, the prosecution must show evidence of cruelty or incessant harassment in that regard."

બચાવપક્ષ તરફે વિ.વ.શ્રીએ **નામદાર ગુજરાત હાઈકોર્ટનો સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ રાજેશભાઈ પિતાંબરભાઈ પરમાર ૨૦૨૫(૦) જી.યુ.જે.એચ.સી. ૬૬૩૨૩** ના ચુકાદાનો આધાર લીધેલ છે જે વંચાણે લેતાં, તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા એવુ ઠરાવેલ છે કે,

> "39. In the absence of proof of dowry demand soon before death, the mandatory presumption under Section 113-B of the Indian Evidence Act cannot be drawn, and the offence under Section 304-B IPC is not established."

(૨૯) આમ, ઉપરોકત કાનુની સિધ્ધાંતોને ધ્યાને લેતાં, જયારે ફરીયાદપક્ષ ધ્વારા આરોપી વિરુધ્ધનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, ફરીયાદપક્ષ તેમનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલા ન હોય, આરોપીને શંકાનો લાભ આપવો ન્યાયોચિત જણાય છે. તે સંજોગોમાં આરોપીએ મરનારને તેણીના લગ્ન જીવનના ટુંકા ગાળા દરમ્યાન અગાઉના લગ્ન જીવન બાબતના મેણાટોણા મારી દુ:ખ ત્રાસ આપી, રૂા.૨૫,૦૦,૦૦૦/- ની માંગણી કરી, તેણીને શારીરિક માનસિક ત્રાસ આપી, ક્રૂરતાનો ભોગ બનાવેલ હોય કે આરોપીના આવા ત્રાસને કારણે કંટાળી જઈ અન્ય કોઈ વિકલ્પ નહી રહેતા મરનારે આપઘાત કરેલ હોય અને તે રીતે આરોપીએ મરનારને મરી જવુ પડે તેવા સંજોગોનું નિર્માણ કરેલ હોય તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ પર આવતો નથી અને તેથી ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, ઉપરોકત ઉપસ્થિત મુદ્દા નં.૨ અને ૩ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૪**

(૩૦) ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરીયાદપક્ષ તેમનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-// હુ ક મ //-**

**(૧)** આ કામના **આરોપી નં.૧ કુણાલ ઈશ્વરભાઈ દેસાઈ** ને સી.આર.પી.સી. કલમ ૨૩૫(૧) અન્વયે તેઓની વિરૂધ્ધના તહોમતનામા મુજબના ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૮(ક), ૩૦૬, ૩૦૪-બી સાથે વાંચતા કલમ ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ-૩ અને ૭ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ માંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામના આરોપી હાલ આ ગુના સબબ જામીન ઉપર મુકત થયેલા હોય, તેઓના જામીન તથા જામીનખત આથી રદ્દ કરવામાં આવે છે.

**(૩)** જો આરોપી વિરૂધ્ધના ગુના સબબ આ કામે થયેલ હુકમ વિરુધ્ધ ઉપલી અદાલતમાં અપીલ થાય તો અપીલ અદાલતમાં હાજર રહેવા માટે આરોપીએ રૂા.૧૦,૦૦૦/- (દશ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા **સી.આર.પી.સી. કલમ ૪૩૭(એ)** ની જોગવાઈઓ અને શરતો મુજબ રજુ કરવા, જે જામીનગીરી છ માસ સુધી અમલમાં રહેશે.

**(૪)** આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ક્રિમીનલ મીસેલેનીયસ એપ્લીકેશન (ફોર કવોશીંગ એન્ડ સેટ એસાઈડ એફ.આઈ.આર./ઓર્ડર) **નં.૧૭૩૭/૨૦૧૭** લગત તા.૨૦/૧૨/૨૦૧૭ ના રોજ કરેલ હુકમ મુજબ આરોપી નં.૨ ઈશ્વરભાઈ હાલાભાઈ દેસાઈ તથા આરોપી નં.૩ પુષ્પાબેન ઈશ્વરભાઈ દેસાઈ નાઓ વિરુધ્ધનો હાલનો કેસ/પ્રોસીડીંગ્ઝ ઉપરોકત રીટ પીટીશનનો નીકાલ ન થાય ત્યાં સુધી સ્થગિત કરેલ હોય, નામદાર ગુજરાત હાઈકોર્ટનો ઉપરોકત કામે જે હુકમ થાય તેને આધીન આરોપી નં.૨ અને ૩ વિરુધ્ધની આગળની કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૫)** ઉપરોકત પીટીશન નં.૧૭૩૭/૨૦૧૭ ના કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા જે હુકમ થાય તેને આધીન હાલના કેસના કામે તપાસ દરમ્યાન કબજે લેવામાં

આવેલ તમામ નોન વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય પુરો થયા બાદ નીયમોનુસાર નાશ કરવો.

(૬) આ કામે જપ્ત કરવામાં આવેલ વેલ્યુએબલ મુદ્દામાલ ઉપરોકત પીટીશન નં.૧૭૩૭/૨૦૧૭ ના કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા જે હુકમ થાય તેને આધીન અપીલ સમય વિત્યેથી નિયમોનુસાર નાશ કરવો.

(૭) આ હુકમની એક નકલ સી.આર.પી.સી.કલમ–૩૬૫ મુજબ જીલ્લા મેજીસ્ટ્રેટ અમદાવાદને મોકલી આપવી.

**આ ચુકાદો આજરોજ તારીખ–૨૯ મી, એપ્રિલ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.**

Digitally signed by
SANJAYKUMAR CHHAGANBHAI MAKVANA
on 29/04/2026 18:24:07 IST.

તા.૨૯/૦૪/૨૦૨૬
અમદાવાદ

(સંજયકુમાર સી. મકવાણા)
નવ મા એડીશ્નલ સેશન્સ જજ
અમદાવાદ (ગ્રામ્ય), નવરંગપુરા, અમદાવાદ
જી.જે.૦૦૯૨૦